Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું. સંવત ૧૯૯૯



અંક ૫ મો. ડીસેમ્બર માર્ગશીર્ષ

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


૧. ઉપદેશ કાવ્ય . . . ૧૦૫
૨. જીવન આરસી . . . ૧૦૬
૩. મેળવો, કમાશો નહિ . . ૧૦૮
૪. નવતત્ત્વ પ્રકરણ . . ૧૧૦
૫. જ્ઞાન વિના શ્રદ્ધાની અસાર્થકતા (એ લેખનો કાંઈક ખુલાસો) ૧૧૩
૬. શ્રી જૈનાગમ નિયમાવલી . ૧૧૬
૭. શ્રીમત્ પ્રવર્ત્તક કાન્તિવિજયજી મહારાજને પ્રેમાંજલિ . ૧૧૭
૮. "વૈરાગ્ય ભાવનાનાં વહેતાં ઝરણાં" ૧૧૮
૯. હેમચન્દ્ર . . . ૧૧૯
૧૦. સ્વધર્મ . . . . ૧૨૦
૧૧. અહિંસાની અદ્દભુત શક્તિ–સંતની વાણી . . ૧૨૩
૧૨. અમર આત્મમંથન . . ૧૨૬
૧૩. વર્તમાન સમાચાર . . ૧૨૭


## નવા થયેલા માનવંતા સભાસદ.

૧. શેઠ દુર્લભદાસ નાનચંદ ભાવનગર (વાર્ષિકમાંથી) લાઇફ મેમ્બર.

## 'શ્રી આત્માનંદ પ્રકાશ'ના વાચકોને નમ્ર સૂચના

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિકમાં દર મહિને જુદા જુદા વિદ્વાન મુનિમહારાજો અને ગૃહસ્થોના લેખો આવે છે. તે દરેક લેખકોના લેખોમાં અમો સંમત છીએ એમ કોઇએ માની લેવાનું નથી.

તંત્રીમંડળ

## શ્રી જૈન આત્માનંદ સભાના સર્વ માનવંતા સભાસદો તથા ગુરુભકતોને ખાસ વિનતિ.

સ્વ. પ્રવર્તક શ્રી ક્રાંતિવિજયજી મહારાજનું સ્મરણ નિરંતર સચવાઇ રહે તે માટે તા. ૩૦–૭–૪૨ ના રોજ મળેલી આ સભાની જનરલ મીટિંગે તે મહાપુરુષના સ્મારક માટે એક ફંડ કરવાનો ઠરાવ કરતાં સભાસદોએ નીચે પ્રમાણેની રકમ ફંડમાં ભરી છે. આપ પણ આ ફંડમાં આપનો યોગ્ય ફાળો આપશો.

૯૬૪) ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે થયેલ ફંડ.
૫૧) શેઠ ભગવાનદાસ હરખચંદ–લીંબડી
૨૫) શેઠ નગીનદાસ જીવણજી–નવસારી
૨૫) શેઠ નાનચંદ કુંવરજી–ભાવનગર
૧૧) શેઠ ભગવાનદાસ ગોપાળજી કાથીવાળા–ભાવનગર
૧૧) શેઠ નગીનદાસ જેચંદભાઈ–મુંબઈ
૫) વકીલ ગુલાબચંદ વાઘજીભાઈ–વઢવાણકેમ્પ
૧૦૯૨)

(ફંડ ચાલુ છે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાના નવા થયેલા માનવંતા પેટ્રન સાહેબ.

442

**કચ્છપ્રાંત** જેમ પુરાતની છે, તેમ ત્યાંનું શ્રી ભદ્રેશ્વર તીર્થ પણ અતિ પ્રાચીન છે; કારણ કે શ્રી મહાવી
પ્રભુના નિર્વાણ પછી ત્રેવીશમે વર્ષે (૨૪૪૭ વર્ષ પહેલાં) **શ્રી દેવચંદ્ર** જેવા પ્રતાપી, પુણ્યપ્રભાવક અ
ધનાઢય શ્રાવક નરરત્ને અઢળક દ્રવ્ય ખરચી એક ઘણું સુંદર જૈન મંદિર બંધાવી તીર્થસ્થાપના કરી જેની ઇતિહા
સાક્ષી પૂરે છે. વ
સં. ૧૩૧૫ની સાલ
હિંદુસ્તાનમાં ભયં
દુષ્કાળ પડ્યો ત્ય
મહાન દાનેશ્વરી નર
ત્ન **જગડુશાહે** એટ
બધું દાન કર્યું
આખા દેશને દુષ્કાળ
અસરમાંથી બચા
લીધો. એવી, જૈને
ઉજ્જવળ મુખ ક
નાર વિભૂતિઓ
થઇ ગયેલ છે.

કચ્છનિવાસી જૈ
બંધુઓ પરંપરા
વેપાર-વાણિજ્ય
જેમ સાહસિક અ
કુશળ છે તેમ દાનવ
તરીકે પણ સુપ્રસિ
છે. તે જ કચ્છપ્રાંત
નાની ખાખરનિવા
**રાવબહાદુર શેઠ**
**નાનજીભાઈ લ**
**ભાઈ જે. પી.**
જેઓ કચ્છ, મુંબ
રંગુન વગેરે અ
સ્થળોએ વ્યાપ
તરીકે અગ્રસ્થ
ધરાવે છે, તેમ
વ્યાપાર-વાણિજ્ય
કુશાગ્રબુદ્ધિ ધરાવે
તેઓશ્રી મુખ્ય
ચોખાના વ્યાપારી

દાનવીર નરરત્ન



રાવબહાદુર શેઠ સાહેબ નાનજીભાઈ લધાભાઈ જે. પી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને કુરપાળ હરશીની કું. તથા નાનજી શામજીની કું. એ બે મોટી પ્રખ્યાત પેઢીઓ ચલાવે છે, જેમાં વ્યવસ્થા-ક્તિ અને બુદ્ધિવડે સારી લક્ષ્મી સંપાદન કરી છે, તેટલું જ નહિ પરંતુ તે લક્ષ્મીનો આત્મકલ્યાણના માર્ગે દ્વ્યય પણ કરે છે, જેથી સમાજના કોઇ પણ કાર્યોમાં તેમની સખાવત હોય જ.

શેઠશ્રી **નાનજીભાઈ** સરલહૃદયી, દેવગુરુધર્મના ઉપાસક, સદ્દગુણસંપન્ન, નિરભિમાની, તેમજ વ્યવસ્થાશક્તિ રાવનાર હોઇને મુંબઇ ભાતબજારમાં આવેલ શ્રી આદિનાથ પ્રભુના દેરાસરના મેનેજીંગ ટ્રસ્ટી, મુદ્રાની રણશી રાજ ઇંગ્લિશ સ્કૂલના ટ્રસ્ટી, શ્રી પુરબાઇ જૈન કન્યાશાળાના પ્રમુખ, મુંબઇ વીશા ઓસવાળ પાઠશાળાના પ્રમુખ રીકે અનેક ખાતાઓ વ્યવસ્થિત રીતે ચલાવે છે. સાથે શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમના સેક્રેટરી પણ છે, મજ શ્રી જૈન કોન્ફરન્સની સં. ૧૯૯૪ ની મેનેજીંગ કમિટીના પ્રમુખ તરીકે પણ કોન્ફરન્સે તેમને નિયત કરેલા ા. આ સર્વ સ્થળે બજાવેલ સુંદર સેવાથી પોતાના ધર્મ ઉપરના પ્રેમનું એક ઉમદા દૃષ્ટાંત પૂરું પાડે છે.

કચ્છ નાની ખાખરમાં તેઓશ્રીના કુટુંબ તરફથી રૂા. ૬૩૦૦૦) ખર્ચી ભવ્ય સુંદર જિનાલય ધાવામાં આવ્યું છે. વળી તે ગામને મ્યુનિસિપાલિટીની દૃષ્ટિએ આદર્શ ગામ બનાવવા માટે ઘણી સુંદર બાવતો કરી છે. આ સિવાય અનેક ધાર્મિક કાર્યોમાં મોટી સખાવતો કરેલી હોવાથી સમાજમાં દાનવીર રીકે સુપ્રસિદ્ધ છે.

શેઠ સાહેબ **નાનજીભાઈ**નો દેવગુરુધર્મ પરત્વે જેમ પૂર્ણ ભક્તિભાવ છે તેમ પોતાના માતાપિતા પરત્વે વણ ' ને યાદ કરાવે તેવો અનુકરણીય ભક્તિભાવ છે. શેઠ સાહેબના **પૂજ્ય પિતાશ્રી શેઠ સાહેબ લધાભાઇ ગુપ્ત** બાલ્યાવસ્થામાંથી પ્રજ્ઞાચક્ષુ થયેલ છે, છતાં પણ ગુરુદ્વારા શાસ્ત્ર શ્રવણવડે અને પૂર્વભવે જ્ઞાનનું રાધન કરેલું હોવાથી અત્યારે જે ધાર્મિક જ્ઞાન સંપાદન કર્યું છે, તે માટે ભલભલા પંડિતને પણ કાન પકડવો છે. અત્યારે લગભગ સિત્તેર ( ૭૦ ) વર્ષની ઉંમર હોવા છતાં પોતાની ધાર્મિક પ્રવૃત્તિઓ નિરંતર ચાલુ છે તે પોતાના કુટુંબમાં ધાર્મિક ભાવના કેમ જાગ્રત રહે તે માટેનું ઉપદેશામૃત સદૈવ સીંચ્યા કરે છે આવા ગુણસંપન્ન પૂજ્ય પિતાનો અમૂલ્ય વારસો શેઠ સાહેબ નાનજીભાઇએ લીધેલો હોવાથી તેઓશ્રી શ્રાવકકુલ-ણ પુરુષ કહેવાય છે. આવા શ્રાવકકુલભૂષણ શેઠ સાહેબ **નાનજીભાઈ**એ જૈન સમાજમાં ઐકયતા કેમ સ્થપાય માટે અવારનવાર ઘણા પ્રયત્નો કરેલા છે. લાખો રૂપિયાના માલિક હોવા છતાં તેમજ લાખો રૂપિયાની આવક ા છતાં તેમના સરલ સ્વભાવ, નિરભિમાનીપણું, ઉત્તમ ધર્મભાવના, ઉચ્ચ રહેણીકરણી અને સાદાઇ જેવા ગુણો ુકરણીય છે. કીર્તિદાન કરતાં સ્વામીભાઇઓને ગુપ્તદાનદ્વારા સહાય કરવાનું જ તેઓ વધારે પસંદ કરે છે.

આવી ધાર્મિક–સામાજિક સેવા, તેમજ એક બાહોશ વ્યાપારી અને અનેક જાહેર સખાવતોને લઇને નામદાર િશ સરકારે ' **રાવબહાદુર** 'નો માનવંતો ઇલ્કાબ આપી શેઠ સાહેબનું સન્માન વધાર્યું છે.

આવા પુણ્યપ્રભાવક ઉદાર નરરત્ન શેઠ સાહેબ નાનજીભાઈ લધાભાઈએ આ સભાના ચાલતા જ્ઞાનોદ્ધાર, અપૂર્વ ત્યપ્રકાશન, કેળવણીને ઉત્તેજન, ફ્રી જનરલ લાઇબ્રેરી, દેવગુરુની ભક્તિ અને દિવસાનુદિવસ થતી જતી પ્રગતિ ા અમારી વિનતિને માન આપી હાલમાં પેટ્રનપદનો સ્વીકાર કર્યો છે, જેથી આ સભા પોતાનો આનંદ ર કરે છે; સાથે **રાવબહાદુર નાનજીભાઈ લધાભાઈ જે. પી.** દીર્ઘાયુ થઇ સુખશાંતિ ભોગવે અને ારાદિમાં વિશેષ લક્ષ્મી પ્રાપ્ત કરી દેવગુરુધર્મની અનેક પ્રકારે સેવા કરવા ભાગ્યશાળી બને તેમ ાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું : આત્મ સં. ૪૭ વિક્રમ સં. ૧૯૯૯ : માર્ગશીર્ષ :
અંક : ૫ મો : વીર સં. ૨૪૬૯ ઈ. સ. ૧૯૪૨ : ડીસેમ્બર :


## ઉપદેશ કાવ્ય.

[ તર્જ–જિંદગી હૈ પ્યાર સેં પ્યાર મેં બીતાયે જા. ]

પરમાત્માકો પ્યાર સેં, ધ્યાન મેં લગાએ જા,
મોક્ષ કી મંજિલ પેં, અપના પૈર જમાએ જા;
અપના રાહ બતાએ જા. પરમા૦ ૧

તેરા હૈ દૂર ગાંવ, થકને લગા હૈ ક્યું ? પાંવ,
ચલ, હરદમ આગે બઢ, પૈર ન રુકાયે જા;
આંધી દૂર હઠાયે જા. પરમા૦ ૨

શોચ મૂક દે રોના છોડ, કિસ્મત તેરા હૈ અજોડ,
આગે ચલકર અપની કૂચ, મુક્તિ તક બઢાયે જા;
સુખ કે રાહ આયે જા. પરમા૦ ૩

જન્મમૃત્યુભય નહીં, સુખ–દુઃખકા ભેદ નહીં,
આઝાદ બનકર આત્માનંદ, દિલભર લુંટાયે જા;
જ્યોત મેં જ્યોત મિલાએ જા. પરમા૦ ૪

મોહન! તેરે મુખકમલ, '**સુયશ**' બનતા હૈ ભંવર,
છોડ ના [પ્યારે] મેરે સંગ, નૈન સેં નૈન મિલાએ જા;
સૂર મેં સૂર પૂરાએ જા,
તાન મેં તાન મિલાએ જા. પરમા૦ ૫

—**સુયશ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जीवन आरसी

દોહરો.

જોયાં નાટક નવનવાં, સરસ સિનેમાચિત્ર;
( પણ ) ખરેખરી જોઇ નહીં, આત્મ આરસી મિત્ર ! ૧

હરિગીત છંદ

કોઇ પૂર્વના શુભ કર્મથી, આ દેહ માનવનો મળ્યો,
વહાલા ! ઘડીક વિચારી જો, સાચી કમાણી શું રળ્યો ?
સંપત્તિ આ અદ્‌ભુતમાં, રાચી રહ્યો મોહે ફસી,
" નયણાં ઉઘાડી નીરખી લે, **तारा जीवननी आरसी**. " ૧

કર્મો કર્યાં તેં, તે બધાનાં, ચિત્ર ચોખ્ખા દેખી લે,
આતગુપ્ત ને જાહેર સૌનાં, ત્યાં સ્વરૂપો પેખી લે;
એ સર્વ ચિત્રોનાં ફળોથી, તું નહીં શકશે ખસી,
" નયણાં ઉઘાડી નીરખી લે, **तारा जीवननी आरसी**. " ૨

યક્ષે પૂછયું શ્રી ધર્મને, " આશ્ચર્યમાં આશ્ચર્ય શું ? "
નજરે જુઓ મરતાં, **न चेतो**, એથી તે આશ્ચર્ય શું ?
ગગડે નગારાં મોતનાં શિર, તો ય નવ ચિંતા કશી ?
" નયણાં ઉઘાડી નીરખી લે, **तारा जीवननी आरसी**. " ૩

જોવાનું તે જોયું નહીં, બહુ ખેલ ખોટા નીર્ખીયા,
**પૈસો** અને **પદવી** રળ્યાથી, ખૂબ હૈયે હર્ખીયા;
એ ચાર દીની ચાંદનીમાં, શું રહ્યા મોહે ફસી,
" નયણાં ઉઘાડી નીરખી લે, **तारा जीवननी आरसी**. " ૪

**ગર્ભમાં** સ્તવનો કર્યાં, તે સર્વ તું ભૂલી ગયો,
**સં**સારની સંપત્તિમાં તલ્લીન ને તાબે થયો;
માથે ઝપટ છે મોતની, ક્ષણમાં જ લેતાં વાર શી ?
" નયણાં ઉઘાડી નીરખી લે, **तारा जीवननी आरसी**. " ૫

આ જન્મભરની આરસીનું, સૂક્ષ્મ અવલોકન કરો,
જ્યાં જ્યાં જણાએ ભૂલ, ત્યાં ત્યાંથી જ પગ પાછો ધરો;
અપરાધની માગો ક્ષમા, દઇ સાક્ષી સૂર્ય અને શશી,
" નયણાં ઉઘાડી નીરખી લે, **तारा जीवननी आरसी**. " ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરશો નહીં જ વિલંબ, આજ જ વાત આ હૃદયે ધરો,
કાલે શું થાશે આપણું, શિર કાળ ટાંપ્યો છે ખરો;
લેશે જરૂર ઉપાડીને, હિકમત નહીં ચાલે કશી,
" નયણાં ઉઘાડી નીરખી લે, **तारा जीवननी आरसी**. " ૭

કીધી કમાણી પાપથી, તે જરૂર અહીં જ રહી જશે,
પણ પાપ તો સૌ આપ સાથે, જ્યાં જશું ત્યાં આવશે;
જે ચિત્રગુપ્તે ચીતર્યું, ફળ આપશે વેગે ધસી,
" નયણાં ઉઘાડી નીરખી લે, **तारा जीवननी आरसी**. " ૮

આ આરસીનો મેલ, ડાઘાડૂઘી–કચરો કાઢી દ્યો,
નિર્મળ કરો નિજ **આત્મજ્યોત**, પારદર્શક સાધી દ્યો;
પછી કાળ ફાળ ભલે ભરે, ઉરમાં નહીં ચિંતા કશી,
ઉપદેશરૂપે વર્ણવી, આ **आत्मदर्शक आरसी**. ૯

દોહરો.

રહેણીકરણી આપણી આરસીમાં દેખાય;
સાર ગ્રહો શાણા જનો, એ મુજ ઉર ઇચ્છાય. ૧
શાસ્ત્રોને સદ્ગુરુતણાં, વાક્યોમાં શુભ વાસ;
પ્રતિમાસે પ્રેમે કથે, '**आत्मानंद प्रकाश**'. ૨

ભાવનગર–વડવા
કાર્તિક કૃષ્ણ દ્વિતીયા
સં. ૧૯૯૯ ભોમ

લી. સમાજહિતૈષી
**રેવાશંકર વાલજી બધેકા.**
નીતિધર્મોપદેશક–ઉ. કન્યાશાળા–ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મેળવો, કમાશો નહીં

લેખક : આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

**ઈચ્છાઓ** સફળ થવી દૈવાધીન છે. કમાવું થોડું અને લૂંટાવું ઘણું ત્યાં કેમ ઊંચે અવાય ને સુખની ઇચ્છા સફળ થાય? ભવવાસીઓના ભાગ્યે જ વર્તમાન યુગમાં જ્યાં લુટારાઓને પૂરી સગવડતા કરી આપી છે ત્યાં કમાવાની ઇચ્છા રાખનાર માનવી શું કરી શકે?

આજની કમાણીમાં કસ નથી તેમજ પાસે પૂંજી પણ નથી એટલે બધાયને ગુલામી પસંદ. ગુલામી કરી શું કમાવાના? ગુલામી એટલે પરાધીનતા અને પરાધીનતા એટલે દુ:ખનો દરિયો–ભવસાગર. ત્યાં વળી સુખનો અંશ હોય જ ક્યાંથી?

ત્યાગી એટલે ઇચ્છામુક્ત અને ઇચ્છામુક્ત એટલે સ્વતંત્ર, અને સ્વતંત્ર એટલે પૂર્ણ આનંદ–સહજાનંદ–સુખસિંધુ–માટે જ સાચા ત્યાગીઓએ ત્યાગને વખાણ્યો છે. પોતાનું મેળવવા ઇચ્છાને જરૂરત નથી, તેમજ પોતાનું પાછું મેળવવું તે કમાણી પણ નથી. સો આપીને સો પાછા લેવા તે કમાયા ન કહેવાઇએ. શ્રી વીરપ્રભુને કમાવાની ઇચ્છા ન હતી તેમજ કાંઇ કમાયા પણ ન હતા. આપણને કમાવાની ઇચ્છાની તેમજ કમાણીની જરૂરત ખરી, કારણ કે કમાણી વગર આપણે પોતાનું પાછું મેળવી શકતા નથી. અને શ્રી વીરપ્રભુએ તો પોતાનું સઘળું મેળવી લીધું હતું એટલે તેમને કમાણીની કે ઇચ્છાની જરૂરત ન હતી. પોતાની વસ્તુઓ મેળવવા કમાણીની ઇચ્છા રાખનાર **નિરિચ્છક–ત્યાગી** કહેવાય છે અને પોતાનું ખોવા કમાણીની ઇચ્છા રાખનાર ઇચ્છાગ્રસ્ત-ભોગી કહેવાય છે.

વર્તમાન કાળમાં કમાવાના કાંકરા અને ખોવાના હીરા જેવું બને છે. કમાવાનું ન બને તો કાંઇ હરકત નથી પણ ખોવાનું ન બને તો અતિ ઉત્તમ. ખોવાય નહિ એટલી કાળજી રહે તો બસ છે. કમાવું છે તે પણ મેળવવા માટે છે, પણ ખોવા માટે નથી. પોતાનું ખોઇને કમાણી થતી હોય તો તે કમાણી નકામી છે. કમાઓ, પણ ખોશો નહિ. એટલું ધ્યાનમાં રાખવું કે કમાવાનું છે પારકું (પરવસ્તુનું) અને ખોવાનું છે પોતાનું (જ્ઞાન–દર્શન). અંતે તો કમાયેલું સઘળું ખોયા સિવાય મુક્તિ–છૂટકારો નથી, છતાં પોતાનું મેળવવા કેટલીક કમાણી(પુન્ય)ની આપણને જરૂરત ખરી. પુન્યની સહાયતાથી આપણે આપણું જ્ઞાન, દર્શન, સુખ, આનંદ વગેરે મેળવી શકીએ છીએ.

મુખ્યપણે તો કર્મથી કર્મની ઉત્પત્તિ થઇ શકે છે. પછી તે કર્મ શુભ હો કે અશુભ હો. પોતાના જ્ઞાનાદિ ગુણોનો વિકાસ તો કર્મના નાશથી થાય છે, છતાં પુન્યકર્મ કંઇક અંશે વિકાસનું સાધન ખરું. ચારિત્રમોહનીય કર્મના ક્ષયથી સાચા ચારિત્રરૂપ ગુણોનો વિકાસ થાય છે. ચારે ઘાતીકર્મ (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય)ના ક્ષયથી કેવળજ્ઞાન, કેવળસુખ, કેવળ આનંદ, તથા કેવળજીવન આદિ ગુણોનો વિકાસ થાય છે અર્થાત્ પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુ મેળવાય છે. વર્તમાન યુગે પૌદ્ગલિક વસ્તુઓનો વિકાસ કરીને કષાય, વિષય આદિ લુટારાઓને જ્ઞાનાદિ ધન લૂંટવામાં અત્યંત સગવડતા કરી આપી છે; તેમજ આત્માઓને નિર્બળ તથા કંગાલ બનાવવામાં ખૂબ જ ક્રૂરતા વાપરી છે. મોહના વિલાસના વિકાસમાં ફસાઇ જઈને આત્માઓ અત્યંત નિર્બળ તથા કંગાળ બની રહ્યા છે. આ કંગાલીયત અને નિર્બળતા પાંચપચીશ વર્ષના માનવજીવનના અંતે થનારી અન્ય ગતિઓમાં અત્યંત અનુભવાશે. ત્યાં મન વાળવા કરેલી મિથ્યા કલ્પનાઓ કંઈ નહીં કરી શકશે. અને સાચું હશે તે જ આગળ આવીને ખડું થશે. અત્યારે મિથ્યા કલ્પિત લૌકિક વ્યવહારની સાથે સાચો લોકોત્તર વ્યવહાર અણજાણોએ વણી લીધેલો હોવાથી અત્યારનો લોકોત્તર વ્યવહાર પણ વિકાસીઓને વિઘ્નકર્તા થઈ પડ્યો છે. અત્યારના વ્યવહારને વળગી રહીને વિકાસ સાધવો તે પાણી મથીને માખણ કાઢવા જેવું છે. અત્યારના કહેવાતા લોકોત્તર વ્યવહારની દિશામાં ગમન કરનારો જરૂર લૌકિક વ્યવહારના વાસમાં જવાનો અને ત્યાં રહીને માનવાનો કે હું લોકોત્તર વ્યવહારમાં છું; પરંતુ આવી મિથ્યા માન્યતાથી તે વ્યવહાર કંઇ આત્મસાધક તો નહિ બને પણ વિકાસનો બાધક તો જરૂર બનશે જ.

વિલાસોમાં સુખની દૃઢ શ્રદ્ધા રાખનારી દુનિયાએ કદી સુખ મેળવ્યું નથી તેમજ મેળવવાની પણ નથી. માની લેવા માત્રથી કંઈ અછતી વસ્તુ પ્રગટી શકે નહિ. જેમ વિકટ પહાડોની વચ્ચે વસનાર વનવાસીઓ પૂર્ણ વિશ્વને જાણી શકે નહિ અને માની લે કે અમારી વિહારભૂમિ માત્ર જ વિશ્વ છે તેમજ પૂર્વજન્મ અને પુનર્જન્મની અજ્ઞાનતારૂપ એ વિકટ પહાડોની વચ્ચે વસનાર વિલાસી આત્માઓ વિહારભૂમિની વિશાળતા જાણી શક્તા નથી અને ઐહિક જીવનમાત્રને જ વિહારભૂમિ માની વિલાસોમાં આસક્ત રહે છે અને દુઃખને સુખ માની સાચું જીવન વેડફી નાખે છે.

ઘણા કાળનો સહવાસ, સાચા સાધનનો અભાવ, સાચી વસ્તુની અણજાણતા આદિ અનેક કારણોને લઇને પુદ્ગલોમાં ઓતપ્રોત થઇ ગએલો આત્મા પોતાનો વિકાસ કરી શકતો નથી. હીરાની ખાણમાં હીરો રહેલો છે પણ જ્યાં સુધી સાચા સાધનોવડે પૃથ્વીના ઉપરના પડો ઉકેલાય નહિ ત્યાં સુધી હીરો પ્રગટ થઇ શકે નહિ. તેમજ આત્મભૂમિમાં રહેલો કેવળજ્ઞાનરૂપ હીરો કર્મરૂપી પથરા–માટીના આઠ પડો ઉકેલ્યા વગર પ્રગટ થઇ શકે નહિ.

ઉપાયો જાણવા છતાં, તિવ્ર ઇચ્છા હોવા છતાં પુન્યની સહાયતા ન હોવાથી ધાર્યું બની શકતું નથી. ઇચ્છા માત્ર સાચા સાધન મેળ-વવાની જ, બાકી વિકાસ તો છે. તેની ઇચ્છાની કંઇ જરૂરત નથી. મળેલા પુન્યને વિકાસના માર્ગે વાપરવું. તેમ ન બની શકે તો પુન્ય કમાવાને વાપરવું પણ વિલાસમાં વાપરી વિકાસ કે કમાણી ખોવી નહીં. એટલી જ ભલામણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हं नमः ॥

# નવતત્ત્વપ્રકરણ

## પદ્યમય અનુવાદ સહિત.

અનુઃ મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૬૯ થી શરુ )

### આઠમું બંધતત્ત્વ.

[ બંધના ચાર ભેદ ]

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, તેમ પ્રદેશ એ ચઉ બંધ છે,

**मूल–पयइ सहावो वुत्तो, ठिई कालावहारणं ।**
**अणुभागो रसो णेओ, पएसो दलसंचओ ॥ ३७ ॥**

[ ચારે બંધની વ્યાખ્યા ]

કર્મનો જ સ્વભાવ જે તે, જાણુ પ્રકૃતિબંધ છે;
કર્મ કેરા કાળનો જે, નિયમ તે સ્થિતિબંધ છે,
કર્મનો મંદ–તીવ્ર રસ તે, અનુભાગબંધ મનાય છે. (૩૫)
કર્મના અણુઓ તણો, સંચય પ્રદેશ જ બંધ છે,

**मूल–इह नाणदंसणावर,–ण–वेय–मोहाउ–नाम–गोआणि ।**
**विग्घं च पण नव दु अ,–ट्ठवीस चउ तिसय दु पणविहं ॥३८॥**

[ કર્મની આઠ મૂળ પ્રકૃતિ અને ૧૫૮ ઉત્તર પ્રકૃતિ ]

પાંચ જ્ઞાનાવરણ ને નવ, દર્શનાવરણીય છે;
વેદનીય બે ભેદની, મોહનીય અઠ્ઠાવીશ છે,
ચઉવિહ આયુ એકસોત્રણ, નામકર્મ પ્રકાર છે. (૩૬)
બે ગોત્રકર્મ પ્રકાર ને, અંતરાય પાંચ પ્રકાર છે,
ઇમ કર્મ અડના એકસો, અડવન્ન ઉત્તરભેદ છે;

**मूल–पड–पडिहारऽसिमज्ज, हड–चित्त–कुलाल–भंडगारीणं ।**
**जह एएसिं भावा, कम्माण वि जाण तह भावा ॥ ३९ ॥**

[ આઠ કર્મના સ્વભાવ ]

આંખના પાટા સમો જ, સ્વભાવ જ્ઞાનાવરણનો,
વળી દ્વારપાળ સમો કહ્યો છે, દર્શનાવરણીયનો. (૩૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદનીય મધલિપ્ત અસિની ધારના સરખું જ છે,
મદિરા સમું મોહનીય ને, બેડી સમું આયુષ્ય છે;
નામ ચિતારા સમું, કુંભાર સરખું ગોત્ર છે,
અંતરાય ભંડારી સરીખું, આઠમું એ કર્મ છે. (૩૮)

मूल–नाणे य दंसणावरणे, वेयणिए अंतराए अ ।
तीसं कोडाकोडी, अयराणं ठिइ अ उक्कोसा ॥ ४० ॥
सित्तरि कोडाकोडी, मोहणिए वीस नाम गोएसु ।
तित्तीसं अयराइं, आउट्ठिइबंध उक्कोसा ॥ ४१ ॥

[ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ]

ઉત્કૃષ્ટ જ્ઞાનાવરણુની વળી, દર્શનાવરણી તણી,
સાગરોપમ ત્રીશ કોડાકોડીની સ્થિતિ ભણી;
અંતરાય ને વળી વેદનીની, તેટલી સ્થિતિ ગણી,
સીત્તેર કોડાકોડી સાગર, મોહનીયતણી ભણી. (૩૯)
સાગરોપમ વીશ કોડાકોડી નામ ને ગોત્રની,
ઉત્કૃષ્ટ સ્થિતિ જાણુ તેત્રીશ, સાગરોપમ આયુની;

मूल–बारस मुहुत्त जहन्ना, वेयणिए अट्ठ नाम गोएसु ।
सेसाणंतमुहुत्तं, एयं बंधट्ठिईमाणं ॥ ४२ ॥

[ જઘન્ય સ્થિતિબંધ ]

મુહૂર્ત્ત બાર જઘન્ય સ્થિતિ, વેદનીય જ કર્મની,
મુહૂર્ત્ત આઠ જઘન્ય સ્થિતિ, નામ ને વળી ગોત્રની. (૪૦)
વળી શેષ પાંચે કર્મની, અંતર્મુહૂર્ત્ત પ્રમાણુની,
જઘન્ય સ્થિતિ જાણીએ ઇમ, બુદ્ધિથી અડકર્મની;

मूल–संतपय-परूवणया, दव्वपमाणं च खित्त फुसणा य ।
कालो अ अंतरं भा,-ग-भाव अप्पाबहुं चेव ॥ ४३ ॥

## નવમું મોક્ષતત્ત્વ.

[ અનુયોગદ્વારરૂપે મોક્ષના નવ ભેદો ]

મોક્ષ તત્ત્વે જાણીયે સત્પદ,-પ્રરુપણુ-દ્વાર છે,
દ્વાર દ્રવ્યપ્રમાણુ ને વળી, દ્વાર ક્ષેત્ર પ્રમાણુ છે. (૪૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પર્શનાદ્વાર જ વળી, છે કાલદ્વાર જ પાંચમું,
જાણ અંતરદ્વારને વળી, ભાગદ્વાર જ સાતમું;
આઠમું છે ભાવદ્વાર જ, નવમ અલ્પબહુત્વ છે,
અનુયોગદ્વારો નવ કહ્યા, જે મોક્ષના નવ ભેદ છે. (૪૨)

**मूल-संतं सुद्धपयत्ता, विज्जंतं खकुसुमंव न असंतं ।**
**मुक्खत्ति पयं तस्स उ, परूवणा मग्गणाईहिं ॥ ४४ ॥**

[ સત્પદ પ્રરુપણા દ્વાર ]

એકપદ હોવાથી માનો, વિદ્યમાનપણું ખરે,
અવિદ્યમાનપણું નથી, આકાશપુષ્પ પરે અરે!
આમ કહેવું તે જ સત્પદ,-પ્રરુપણાનું દ્વાર રે,
એકપદ છે મોક્ષ તેથી, મોક્ષ સત્ જાણો ખરે. (૪૩)
માર્ગણાદિકથી જ કરીએ, મોક્ષના વિચારને,

**मूल-गइ इंदिए अ काए, जोए वेए कसाय नाणे अ ।**
**संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ॥ ४५ ॥**

[ ચૌદ મૂળ માર્ગણાઓનાં નામ ]

ગતિ માર્ગણા ઇંદ્રિય કાય જ, યોગ વેદ કષાય ને;
જ્ઞાન સંયમ તેમ દર્શન, ને જ લેશ્યા ભવ્ય ને,
સમ્યક્ત્વ સંજ્ઞી ચૌદમી, આહારકેરી જાણને. (૪૪)

**मूल-नरगइ पणिंदि तस भव, सन्नि अहक्खाय खइअसम्मत्ते ।**
**मुक्खोऽणाहार केवल-दंसणनाणे न सेसेसु ॥ ४६ ॥**

[ માર્ગણાદ્વારા મોક્ષની વિચારણા ]

નરગતિ પંચેંદ્રિજાતિમાં, તથા ત્રસકાયમાં,
ભવ્યમાં ને સંજ્ઞિમાં ને, યથાખ્યાતના ચારિત્રમાં;
ક્ષાયિક સમ્યક્ત્વે અનાહારે જ કેવળ દર્શને,
જ્ઞાન કેવળે જાણ એ દશ, માર્ગણામાં મોક્ષને. (૪૫)

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન વિના શ્રદ્ધાની અસાર્થકતા.

( એ લેખનો કાંઇક ખુલાસો. )

લેખક : **મુનિશ્રી પુણ્યવિજયજી** ( સંવિગ્નપાક્ષિક ) અમદાવાદ.

**મદીય** કથિત "સમ્યક્શ્રદ્ધા રહિત જ્ઞાનની નિરર્થકતા" અને ઉપર્યુક્ત લેખક મહાનુભાવ કથિત "જ્ઞાન વિના શ્રદ્ધાની અસાર્થકતા" એ બન્ને ય અપેક્ષાએ સાચુ છે–ખોટું નથી.

મારા 'શ્રદ્ધા રહિત જ્ઞાનની નિરર્થકતા'–વાળા લેખમાં 'સમ્યક્' શબ્દ યોજ્યો. ઉપર્યુક્ત વિદ્વાન લેખક મહાનુભાવને અન્ય વિચારને સ્થાન આપવાનું રહેતું નથી. શ્રદ્ધા–રુચિ એ આત્મપરિણતિરૂપ ધર્મ છે અને એ રુચિમાં તત્ત્વત: ભેદ હોઇ શકતો નથી. મતમતાંતરની દૃષ્ટિએ રુચિભેદે ક્રિયાભેદ પડે, પરંતુ અત્ર તે નહિ. જેથી કરી જૈન સમાજમાં પણ રુચિભેદ કવચિત્ ક્રિયાભેદ–આચારભેદ પડે તો તેથી કાંઇ વાસ્તવ્ય રુચિમાં ભેદ પડતો નથી–હોઇ શકતો નથી. જો એ રુચિમાં ભેદ પડે તો સમ્યગ્દર્શન વિના જૈનમાં એની ગણના થઇ શકતી નથી. કુળધર્મથી ભલે તે જૈન કહેવાતો હોય, વસ્તુત: એ જૈન નથી–પછી ભલે તે શ્રાવક હોય યા સાધુ. તથાપ્રકારની વાસ્તવ્ય રુચિવાળા જીવો તો ક્રિયાભેદ આદિ સર્વ સ્થળે માધ્યસ્થ્ય ભાવવાળા હોય છે, તેઓ રાગદ્વેષમાં તણાતા નથી.

બાલ જીવોની દૃષ્ટિએ 'સમ્યગ્શ્રદ્ધા રહિત જ્ઞાનની નિરર્થકતા' અને બુધ જીવોની દૃષ્ટિએ 'જ્ઞાન વિના શ્રદ્ધાની અસાર્થકતા' એમ કથવામાં લેશ પણ હરકત જેવું હોય તેમ હું માની શકતો નથી. બન્ને ય અપેક્ષાએ સત્ય છે.

ભગવાન **હરિભદ્રસૂરિજીએ** પાત્રભેદે વિભાગત: ત્રણ પ્રકારના જ્ઞાન કહ્યા છે. વિષય–પ્રતિભાસ ૧, આત્મપરિણતિમત્ ૨ અને તત્ત્વ સંવેદન જ્ઞાન. વિષયપ્રતિભાસ જ્ઞાન બાલ અને મધ્યમ જીવોને હોય છે, છતાં સઘળા બાલ જીવો વિષયપ્રતિભાસ જ્ઞાનવાળા જ હોય છે તેવું નથી. તેવા બાલ જીવને–અલ્પ જ્ઞાનવાળા જીવને આત્મપરિણતિ જ્ઞાનની ભજના હોય છે ( હોય વા ન હોય ). દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ હોવા છતાં તે ભવ્ય બાલ જીવને તથાવિધ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના અભાવે તથાપ્રકારનું વિશિષ્ટ જ્ઞાન હોતું નથી. તેવા જીવો તેથી અધિક જ્ઞાની કે સંપૂર્ણ જ્ઞાનીના વચનનું અવલંબન લઇને તરી જાય છે. દૃષ્ટાન્ત તરીકે **માષતુષ** મુનિવર. આવા જીવને તથાપ્રકારનું જ્ઞાન નહિ હોવા છતાં તે જ્ઞાન ઉપર સ્થિર બુદ્ધિવાળો હોય છે. તત્ત્વાર્થ કારિકામાં–સમ્યગ્દર્શન અને ચારિત્રની મુખ્યતા બતાવી છે. '**श्रूयन्ते चानन्ताः सामायिक मात्र पदसिद्धाः**' જ્ઞાન કેટલું પ્રાપ્ત થયું છે તે દૃષ્ટિએ કેવળજ્ઞાન થતું નથી, પરંતુ શ્રદ્ધા અને મોહનીયના ક્ષય ( વૈરાગ્ય ) ઉપર જ નિર્ભર છે મરુદેવા માતા વગેરે અનેક દૃષ્ટાન્તો છે. આત્મપરિણતિજ્ઞાન–આત્માની પ્રતિતીપૂર્વકનું જ્ઞાન–આત્માની ઝાંખીવાળું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે અને તત્ત્વસંવેદન જ્ઞાન ૬–૭ ગુણઠાણાવાળા સાધુમુનિરાજોને હોય છે. આમ બાલજીવને આત્મપરિણતિ જ્ઞાનનો સદ્ભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં તરતમતાની અપેક્ષાએ ભેદ પાડ્યા છે. બાલજીવો જગતમાં સૌથી અધિક છે, મધ્યમ જીવો તેથી થોડા છે અને અતિ અલ્પતમ સંખ્યામાં તત્ત્વસંવેદન જ્ઞાનવાળા બુધ જીવો હોય છે, તેથી તે તે જીવોની અપેક્ષાએ ઉપદેશકથન શાસ્ત્રપ્રસિદ્ધ છે. બધાને માટે તે સરખું નહિ. પાત્રની દૃષ્ટિએ તે આ રીતે ભેદ પાડી શકાય.

જિનદેવ, જૈનગુરુ અને જૈનધર્મ ઉપર રાગ એ બાલ જીવોની દૃષ્ટિથી.

'**तमेव सच्चं**' ઇત્યાદિ મધ્યમની દૃષ્ટિથી.

'**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**' એ બુધ–વિદ્વાન શ્રોતાઓની દૃષ્ટિથી.

'**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**' એ અન્ય દર્શનોની દૃષ્ટિથી.

વસ્તુતઃ જિનદેવ, જૈનગુરુ અને જૈનધર્મ એ તત્ત્વરૂપ છે, '**तमेव सच्चं**' ઇત્યાદિ એ પણ ભગવાનનું વચન હોઇ તત્ત્વરૂપ છે અને '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**' એ પ્રકટ તત્ત્વરૂપ છે. પરંતુ તે જીવોની અપેક્ષાએ આ કથન છે.

પ્રસંગતઃ નીચી કોટીનું વિષયપ્રતિભાસ જ્ઞાન એ હેય કોટિનું હોવા છતાં સર્વથા હેય કોટિનું એ જ્ઞાન નથી. હેય કોટિનું એટલા માટે તે જ્ઞાન છે કે એ જ્ઞાનથી આગળ જ્યાં સુધી ન વધાય, ત્યાં સુધી કોટી ભવે પણ આત્મનિસ્તાર નથી. કારણ કે ગ્રન્થિભેદથી ઊપજેલી વાસ્તવ્ય શ્રદ્ધાનો ત્યાં અભાવ છે. આત્મપરિણતિજ્ઞાન થાય ત્યારે જ તેની પ્રગતિનું મંડાણ થાય છે. ઓઘથી શ્રદ્ધાવાળા ભવ્ય જીવોને વિષય પ્રતિભાસનજ્ઞાન પણ જૈન કુળમાં જન્મેલા સામાન્ય આત્મપરિણતિ જ્ઞાન થવામાં સહાયક છે અને આત્મપરિણતિજ્ઞાન તત્ત્વસંવેદન જ્ઞાનનું સહાયક છે. અત્ર વિષય પ્રતિભાસ જ્ઞાન એ લૌકિક વિષયક જ્ઞાન નહિ સમજવું; પરંતુ લોકોત્તર વિષયક સમજવું. એ જ્ઞાનમાં પણ તરતમતાએ સંખ્યાબંધ ભેદ પડી શકે; જેથી એ સર્વથા હેય કોટિનું ન માની શકાય, બલ્કે આત્મપરિણતિનું સહાયક માની શકાય. તેવા નીચી કોટિના જ્ઞાનવાળા જીવોને લોકોત્તર વિષયક જૈન તત્ત્વજ્ઞાન જેને હોય તેવા ઓઘથી શ્રદ્ધાવાળા ભવ્ય જીવોને સામાન્ય રીતે વ્યવહારથી બુધ લેખવામાં આવતા હોય તો હરકત નથી. નિશ્ચયથી બુધ જીવો તો ગ્રન્થિભેદ થઇ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે ત્યારથી ગણાય છે અને તેથી ય ઊંચા પ્રકારના બુધ જીવો તત્ત્વસંવેદન જ્ઞાનવાળા હોય છે. જૈન તત્ત્વજ્ઞાનની સમજવાળા જીવો પણ બહુ અલ્પ સંખ્યામાં મળી આવે. તેવા પ્રકારના જીવોને જૈન તત્ત્વજ્ઞાનનું રહસ્ય સમજાવવાપૂર્વક શ્રદ્ધાની પ્રાપ્તિ કરાવવી તેમાં હરકત જેવું લાગતું નથી. આ વાત સ્વદર્શન માટેની છે. અન્ય દર્શનીને માટે તો 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' એ જ કથવાનું હોય છે. આથી બાલજીવોને અપેક્ષી 'શ્રદ્ધા રહિત જ્ઞાનની નિરર્થકતા' એ કહી શકાય છે. તે બાલજીવ મધ્યમ બુદ્ધિમાં આવી બુધમાં પ્રવેશ કરે ત્યારે તેને માટે 'જ્ઞાન વિના શ્રદ્ધાની અસાર્થકતા' એમ કથી શકાય. સિવાય દરેકને માટે તેમ નહીં. આમ મારી અલ્પમતિ અનુસાર સમજ છે.

અન્ય દર્શન આદિ દરેક જીવો પ્રત્યે સમભાવ હોવો જ જોઇએ. એ સમભાવના અભાવમાં માધ્યસ્થ્યભાવની ઊણપ છે; પરંતુ સર્વ દર્શનમાં 'સરખો ભાવ' ન હોવો જોઇએ. આજે કેટલાક પંડિતો 'સર્વ દર્શનમાં સમભાવ' ને નામે 'સર્વ ધર્મ સરખા' એ અર્થમાં ખેંચી જાય છે એ ખેદજનક છે. આ વિષે ઘણું લખી શકાય તેમ છે, અત્ર તે અસ્થાને છે. સર્વ દર્શનમાં સર્વથા અવિસંવાદી અને અવિરુદ્ધ એવું જૈન દર્શન જ એક સર્વોચ્ચ છે. તે જો કોઇ સમજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાર વ્યક્તિ તત્ત્વાતત્ત્વની માધ્યસ્થભાવે ગવેષણા કરે તો બરાબર સમજી શકાય તેવું છે.

એક સ્થળે કહ્યું છે કે—

'તત્ત્વવાદથી સમજાયેલ શ્રદ્ધાવાદ એ કલ્યાણસાધનનો રાજમાર્ગ છે. તે માર્ગનો પંથ કેવળ તર્કવાદથી પણ નથી કપાતો, તેમ કેવળ શ્રદ્ધાવાદથી પણ નથી કપાતો. એ બન્ને રથના એકેક ચક્ર જેવા છે. '**चक्राभ्यां चलति रथः**' એ પ્રમાણે બન્ને ચક્રો મળે તો જ ધર્મ-રથો ચાલે છે.

ભગવાન **મહાવીરદેવે** પણ—

**निकषच्छेदतापेभ्यः सुवर्णमिव पण्डितैः ।**
**परीक्ष्य भिक्षवो ग्राह्यं मद्वचो न तु गौरवात् ॥**

અર્થાત્ હે મુનિઓ ! પંડિતો જેમ કસ, છેદ અને તાપથી પરીક્ષા કરી સોનું લે છે, તેમ તમારે પણ મારું વચન પરીક્ષા કરીને ગ્રહણ કરવું, પણ મહત્તાથી—ગૌરવતાથી ન ગ્રહણ કરવું."

આ બુધજનની દૃષ્ટિથી છે, સર્વના માટે એ રાજમાર્ગ નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે તે તે પ્રકારના જીવોની અપેક્ષાએ કથન કરવાનું હોય છે, પરંતુ સર્વના માટે સરખું નહીં.

જૈનધર્મ એ તત્ત્વજ્ઞાન ઉપર નિર્ભર છે એ વાત સાવ સાચી છે અને એ આપણા માટે ગૌરવ લેવા જેવું છે—ધરાવવા જેવું છે.

"આવા ધર્મમાં શ્રદ્ધાને પ્રધાનપદ આપવું ને જ્ઞાનને ગૌણપદ આપવું તે ધર્મનો હ્રાસ કરવા જેવું છે." આ કથન વધારે પડતું છે તેની જગ્યાએ ધર્મને પછાત પાડવા જેવું છે—કરવા જેવું છે—આપવા જેવું છે એમ જણાવ્યું હોત તો હરકત ન લેખી શકાત.

કોણ એવી નિર્ભાગ્યશેખર વ્યક્તિ હોય કે જૈનધર્મ જેવા સર્વોચ્ચ ધર્મને પામીને તેનો હ્રાસ થાય તેવું કથન કે પ્રવર્તન કરે ? કોઇ એવી અજ્ઞાન અસદ્ગ્રહથી ગ્રસિત વાચાળ વ્યક્તિ તેમ કરે તો તે વાત એક અલગ છે. આ જ કારણે વ્યાખ્યાન—ઉપદેશના અધિકારી કોણ ? એ વિષે શાસ્ત્રમાં ઘણું કથન છે.

છેલ્લા પેરાના અગાઉના પેરામાં "ધર્મના ઉપદેશમાં માધ્યસ્થભાવને બદલે અહંભાવનું સામ્રાજ્ય ભોગવે તો તે ઉપદેશ સમાજનું કે શ્રોતાનું કલ્યાણ કરવાને બદલે રાગદ્વેષની વૃદ્ધિ કરનાર છે." આ એક આક્ષેપરૂપે કથન હોઇ વધારે પડતું છે. જૈન સાધુ મુધાજીવી છે તેઓ બીજું શું કરી શકે તેમ છે ? શ્રદ્ધા અને સંવેગથી ભાવિત હૃદયવાળા જે કોઇ સુવિહિત મુનિવરો હોય તે તો એવું કંઇ કરે નહિ. તેમને અહંભાવ કે ધર્મનો હ્રાસ થાય તેવું કથન કે પ્રવર્તન હોય નહીં તેમજ કોઇને અંધશ્રદ્ધામાં દોરવાપણું પણ હોય નહિ.

પ્રાન્તે ઉપર્યુક્ત કથંચિત્ બે બાબત સિવાય વિદ્વાન્ લેખક મહાનુભાવનું કથન સત્ય છે—સ્વીકારવા યોગ્ય તાત્ત્વિક કથન છે. અપેક્ષા—દૃષ્ટિએ તે તે સ્થાને સર્વ સાચું છે, એટલે એમાં ચર્ચાને લેશ પણ સ્થાન નથી. આ લેખ ચર્ચારૂપે નથી તેમજ એમાં વિદ્વાન મહાનુભાવની ઊણપ લેખવાનો જરાય આશય નથી. ફક્ત તેમની સમજફેર થતી હોય તેના અંગે અમારી અલ્પમતિ અનુસાર લખેલ સહજ કથન છે. હું કાંઇ વિદ્વાન લેખક નથી, તેમ મારામાં બીજી કોઇ વિદ્વત્તા નથી જેથી આમાં કંઇ ભૂલ—સમજ-ફેરને સ્થાન હોય તો મિથ્યા દુષ્કૃત છે. અસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનાગમ નિયમાવલી

( ગતાંક પૃષ્ઠ ૧૦૩ થી શરૂ )

લેખક: **આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ.**

૭૪ નિર્દોષ આહારાદિની તપાસ કરવી વગેરે ખાસ જરૂરી કારણ હોય તો જ શ્રી જિનકલ્પિક મહાત્માએ જરૂરી વાતચીત કરે, બેસવાની જરૂરિયાત જણાય તો ઉભડક પગે બેસે એમ શ્રી પ્રવચનસારોદ્ધારાદિમાં જણાવ્યું છે.

૭૫ શ્રી તીર્થંકરદેવના આહાર તથા નિહાર ચર્મચક્ષુવાળા જીવો જોઈ શકે નહિ, પણ અવધિજ્ઞાનાદિને ધારણ કરનારા મહાપુરુષોને અદૃશ્ય ન હોય એમ શ્રી સમવાયાંગ સૂત્ર, પ્રવચનસારોદ્ધાર, ઉપદેશપ્રાસાદ, દેશના ચિંતામણિ વિગેરેમાં જણાવ્યું છે.

૭૬ "સંયમની વિરાધના કરનારા જીવો જઘન્યથી ઉચ્ચ ગતિમાં ભુવનપતિમાં જઇ શકે, ને ઉત્કૃષ્ટથી સૌધર્મ દેવલોક સુધી જઇ શકે." આ વચન મૂલગુણની વિરાધના કરનારા જીવોની અપેક્ષાએ અથવા ઘણી વાર સંયમની વિરાધના કરનારા જીવોની અપેક્ષાએ સમજવું અને સુકુમાલિકા સાધ્વીએ ઉત્તર ગુણની જ વિરાધના કરી હતી, તેથી તે ઇશાનમાં જાય, એમાં અઘટિતપણું છે જ નહિ.

૭૭ એક ઉપાશ્રયમાં જિનકલ્પિ મુનિવરો કદાચ ભેગા થાય, તો વધારેમાં વધારે સાત મુનિવરો ભેગા થાય. તેઓ પરસ્પર આલાપ-સંલાપ ( વાતચીત ) કરે નહિ, એમ શ્રી પ્રવચન સારોદ્ધારાદિમાં કહ્યું છે.

૭૮ શ્રી જિનકલ્પિ મુનિવર ચાલ્યા જતા હોય, તે અવસરે વાઘ વગેરે સામા આવે, તો પણ પોતાના કલ્પની મર્યાદા એ છે કે 'આડા-અવળા જવાય જ નહિ.' એમ વિચારીને તેઓ આડાઅવળા ન જતાં ઇર્યાસમિતિ પાળતાં સીધા ચાલ્યા જાય છે.

૭૯ પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર, પાંચ મહાવિદેહક્ષેત્ર એમ પંદર કર્મભૂમિ ક્ષેત્રોમાં જન્મની અપેક્ષાએ અવસર્પિણીના ત્રીજા ચોથામાં જિનકલ્પિ મુનિવરો હોય અને પાંચમા આરામાં તેઓ વ્રતને ધારણ કરીને વિચરતા હોય, પણ તેમનો જન્મ ન થાય તથા ઉત્સર્પિણીના બીજા આરાના છેડે ભાવિ જિનકલ્પિ મુનિવરોના જન્મ થાય વગેરે બીના શ્રી પ્રવચનસારોદ્ધારાદિમાં વિસ્તારથી જણાવી છે.

૮૦ આચાર્યાદિ પાંચ પદસ્થ મહાપુરૂષોમાંના કોઈપણ મહાત્મા ચતુર્વિધ સંઘે કરેલા મહોત્સવપૂર્વક શ્રી તીર્થંકર, ચૌદપૂર્વધર, દશ પૂર્વધરાદિની પાસે જિનકલ્પ સ્વીકારે. વિશેષ બીના શ્રી પ્રવચનસારોદ્ધારાદિમાંથી જાણવી.

૮૧ સમિતિના પાલનમાં ગુપ્તિનું પાલન જરૂર સમાય છે, પણ ગુપ્તિના પાલનમાં સમિતિનું પાલન હોય અથવા ન પણ હોય.

૮૨ સર્વથા મૌન રહેવું અથવા ખરાબ વેણ ન બોલવા એ વચનગુપ્તિનું રહસ્ય છે, ને નિર્દોષ વેણ બોલવા એ ભાષાસમિતિનું રહસ્ય છે.

૮૩ વાવડી વગેરે જળાશયો અચ્યુત દેવલોક સુધી છે, તેથી બાર દેવલોક સુધીના દેવો દ્રવ્યપૂજા કરી શકે છે, તે પછીના દેવો દ્રવ્યપૂજા કરતા નથી; કારણ કે પાણી વિના સ્નાન થઇ શકે નહિ, ને સ્નાન કર્યા વિના દ્રવ્યપૂજા ન થઇ શકે એમ શ્રી દંડપ્રકરણવૃત્તિ વગેરેમાં જણાવ્યું છે.

૮૪ ભુવનપતિથી માંડીને બારમા અચ્યુત દેવલોક સુધીના દેવલોકમાં ઇંદ્રાદિની વ્યવસ્થા હોય છે. તે પછીના ગ્રૈવેયકાદિમાં તે ન હોય તેથી તે દેવો અહમિંદ્રદેવ તરીકે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮૫ પરમાધામિદેવો અસુરકુમારનિકાયના જાણવા. તેમને એક કૃષ્ણલેશ્યા જ હોય, બીજી લેશ્યા ન હોય. એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રાદિમાં જણાવ્યું છે.

૮૬ કર્મના યોગે શ્રોતાઓને કદાચ બોધ ન થાય, તો પણ અનુગ્રહ બુદ્ધિથી ઉપદેશ કરનાર મહાપુરુષોને તો ઘણા કર્મની નિર્જરા વગેરે લાભ થાય જ છે એમ શ્રી તત્ત્વાર્થાદિમાં જણાવ્યું છે.

૮૭ જ્યાં કેવળ મનુષ્યો જ ઉત્પન્ન થઇ શકે છે, એવા આનતાદિ દેવલોકના દેવો એક સમયમાં સંખ્યાતા જ ચ્યવે તથા ઊપજે; કારણ કે તેઓ સંખ્યાતા એવા ગર્ભજ મનુષ્યોમાં જ ઊપજે છે, ને તેવા જ મનુષ્યો ત્યાં જઇ શકે. એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્ર બૃહત્સંગ્રહણી સૂત્રાદિની ટીકામાં જણાવ્યું છે.

૮૮ શ્રવણ( કાન ), નેત્ર(આંખ)ને કામેચ્છા હોય, ને બાકીની ત્રણ ઈંદ્રિયોને ભોગેચ્છા હોય.

( ચાલુ. )

# શ્રીમત્ પ્રવર્તક કાન્તિવિજયજી મહારાજને પ્રેમાંજલિ.

અર્પનારઃ—**મુનિશ્રી હેમેન્દ્રસાગર.**

( રાગ–રામગ્રી–વૈદર્ભી વનમાં વલવલે )

શાન્ત સ્વરૂપી દિવ્ય સંયમી કાન્તિવિજય મહારાજ;
સમભાવી સર્વ પ્રાણીમાં, હૃદયે જપતા જિનરાજ. ટેક૦

કાન્તિ વધારી વિજયાનંદની, આત્મભાવે ચોપાસ;
પ્રસરી રહી સર્વ સ્થાનમાં, સંયમધર્મ સુવાસ. શાન્ત૦ ૧

સાહિત્યરક્ષણ કારણે, વિચર્યા દેશવિદેશ,
ભવ્ય કર્યા ભંડારને, શોભાવ્યો સાધુવેશ. શાન્ત૦ ૨

પત્ની ત્યજી યુવાવય વિષે, પામ્યા સંયમરંગ;
ચારિત્રને ઊજળું કર્યું, ગરવા ગુરુજીના સંગ. શાન્ત૦ ૩

દીક્ષા પાળી ત્રેસઠ વર્ષની, સમતાભાવી શુભ સંત;
સ્વર્ગે સિધાવ્યા પાટણ શહેરમાં, પ્રવર્તક ભાગ્યવંત. શાન્ત૦ ૪

જ્ઞાની, પ્રતાપી, પ્રશાંત જે, શુદ્ધ વાણીવિચાર;
એવા પ્રવર્તકને પ્રાપ્ત હો, પ્રેમાંજલિઓ હજાર. શાન્ત૦ ૫

પૂર્ણ કર્યાં પુણ્યકાર્યને, વરતે જય જયકાર;
મરણ મહોત્સવરૂપ બને, ધન્ય સાધુ અવતાર. શાન્ત૦ ૬

અજીત જિનેશ્વરને ભજી, પામ્યા પૂર્ણ પ્રમોદ;
મુનિ હેમેન્દ્રે બુદ્ધિભર્યા. ગાજે જ્ઞાનસરોદ. શાન્ત૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " વૈરાગ્ય ભાવનાનાં વહેતાં ઝરણાં "

લેખક: મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ, મુ: વિસનગર.

( ૧ ) પરમતારક શ્રી જિનેશ્વર મહારાજની સેવા, આગમશ્રમણ, સદ્ગુરુની સેવા, પ્રાણીદયા, સુપાત્રદાન અને ગુણાનુરાગ આ બધાં ય નરજન્મરૂપી વૃક્ષનાં ફળો છે.

( ૨ ) શાણા અને સમજુ આત્માઓ તો સમજી લે કે આ જીવન ક્ષણભંગુર છે. આથી લાખેણી એવી આ ઉત્તમ જીવનની એક પણ ક્ષણ ધર્મારાધન સિવાયની ન જ જવી જોઇએ.

( ૩ ) દેવ સિવાયનું દેવળ અને જળ સિવાયનું સરોવર જેમ શોભે નહિ તેમ સદ્ધર્મની સેવા સિવાય માનવભવ પણ શોભતો નથી.

( ૪ ) જે માણસની પાસે લાખોની સાહ્યબી હોય, છતાં જેના હૈયામાં સદ્ધર્મની વાસના ય સરખી ન હોય તો તેનું જીવન ફૂટી કોડીનું ય નથી.

( ૫ ) સાધુધર્મના અનુરાગીઓને જ સાચા શ્રાવકો કહી શકાય.

( ૬ ) ભદ્રક પ્રકૃતિ, વિશેષ નિપુણમતિ અને ન્યાયમાર્ગને વિષે રતિ આ ત્રણ ગુણ વગરનો આત્મા કદાગ્રહી હોવાથી, મૂઢ હોવાથી તથા અન્યાયમાં આસક્ત હોવાથી તેને શ્રાવકધર્મની પ્રાપ્તિ જ થતી નથી. ઉપરોક્ત ત્રણ ગુણ હોવા છતાંય જે આત્માઓ દૃઢ પ્રતિજ્ઞાવાળા હોતા નથી તે કદાચ ધર્મને સ્વીકારે તો પણ તેને તજતાં વાર લાગતી નથી. જેમ ધૂર્તની મિત્રાઇ, ગાંડાએ પહેરેલો સુવેષ, વાંદરાના ગળામાં નાખેલો હાર અર્થાત્ ધૂર્તને મિત્રતા તજતા વાર નહિ. ગાંડાને ગમે તેવો સુંદર વેષ હોય પણ તજતાં વાર નહિ, તેમજ ચાહે તો લાખ રૂપિઆનો હાર વાંદરાના કંઠમાં નાખ્યો હોય તો તેને ય તજતાં વાર નહિ એવી રીતે દૃઢ પ્રતિજ્ઞા વિનાના આત્માઓને સિદ્ધિના સુખને દેનારા એવા મહામૂલા ધર્મને તજતા વાર નહિ. આ જ કારણે ભદ્રક પ્રકૃતિ આદિ ગુણવાળા હોય તો પણ દૃઢ પ્રતિજ્ઞા વગરના આત્માઓ ધર્મને માટે લાયક નથી. આ ઉપરથી ચોક્કસ એમ ઠરે છે કે ધર્મદાતા ગુરુઓએ ધર્મચિંતામણિ દેતાં, લેનાર યોગ્ય છે કે નહિ, એ શાસ્ત્રવિધિ મુજબ જોવાની અનિવાર્ય ફરજ છે. એ ફરજથી ઇરાદાપૂર્વક દૂર રહેનારા ખરે જ શાસ્ત્રવચનોને અવગણનારા બને અને શાસનને ઝાંખપ લગાડનારા બને તેમાં નવાઇ જેવું નથી, તેમજ પરિણામે સ્વપર–ઉભયના અહિતકારક નીવડે તેમાં ય નવાઇ જેવું નથી.

( ૭ ) હે જીવ ! સમકિત વિનાની ધર્મકરણી એકડા વગરના મીંડા જેવી છે.

( ૮ ) ભલે ગમે તેટલું જ્ઞાન મેળવ્યું હોય, પણ સમ્યગ્ચારિત્ર સિવાયનું જ્ઞાન પાંગળું છે.

( ૯ ) હે જીવ ! જેઓ પોતાના એક ઘરની ચિંતા છોડી જગતના સઘળા ય ઘરોની ચિંતામા પડે, અને મંત્ર, તંત્ર, નિમિત્તાદિક ભાવતાલ કહી પોતાનો વ્યવહાર ચલાવે, તેઓ શું સાધુ છે ? કદિ જ નહિ.

( ૧૦ ) એકલા ક્રોધાવેશમાં ય મોટા મોટા આચાર્યો અને મુનિવરો પણ નરકાદિક ગતિઓમાં પટકાય છે. તો પછી જે આત્માઓ સઘળા ય પ્રકારની અંધતાને પામ્યા હોય તેઓની તો શી દશા ? એ તો જ્ઞાનીઓ જ જાણે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૧ ) મહાપુણ્યોદયે આર્યદેશાદિ ઉત્તમ સામગ્રીને પામવા છતાં જેઓને ન રુચે સાધુ-ધર્મ કે ન રુચે શ્રાવકધર્મ, ન રુચે દેવસેવા કે ન રુચે ગુરુસેવા, ન રુચે સામાયિક કે ન રુચે પ્રતિક્રમણ, ન રુચે દાન કે ન રુચે શીલ, ન રુચે તપ કે ન રુચે સદ્‌ભાવના. અરે! ધર્મશ્રવણની પણ રુચિ ન જન્મી. તો તે બિચારાઓ ઉત્તમ સામગ્રીને પામ્યા તો ય શું અને ન પામ્યા તો ય શું ? તેઓ વૃથા જન્મ ગુમાવી રહ્યા છે.

( ૧૨ ) સર્વજ્ઞ ભાષિત સંયમાદિ દશવિધ ધર્મ એ સુધર્મ છે.

( ૧૩ ) સંસારસાગર તરવા માટે જહાજ સમાન સુદેવ, સુગુરુ અને સુધર્મનું શરણ લીધા વિના છૂટકો જ નથી.

( ૧૪ ) મોટા મોટા શેઠીયાઓ પણ અર્થકામની મમતામાં મરે તો મમ્મણાદિકની માફક કુગતિને પામે છે.

( ૧૫ ) બુધ માનવીઓ અર્થ અને કાળને ત્યજી ક્ષમામૂલ ઉત્તમ ધર્મની આરાધના કરી જીવનને સફળ બનાવે છે.

( ૧૬ ) જીવનમાં જે સત્યધર્મને ન પામ્યો; તેનું જીવન ખરે જ એળે ગયું છે એમ સમજો.

( ૧૭ ) ધર્મકળામાં કુશલ નહિ બનેલા સંસારસાગરમાં ડૂબનારા છે.

( ૧૮ ) તે પંડિત છે કે જે અંગત વિરોધથી વિરામ પામી ગયા છે.

( ૧૯ ) તે બંધુ કહેવાય કે જે કષ્ટમાં સહાયક બને.

( ૨૦ ) તે શક્તિમાન કહેવાય કે જે સદ્‌ધર્મથી ચલાયમાન ન થાય. ( ચાલુ )

# હેમચન્દ્ર

( રાસ )

( રાગ-મેહુલો ગાજે ને માધવ નાચે......સારંગ )

શાસનના આભલે પૂર્ણિમા ખીલી, અમૃતમય **હેમચન્દ્ર** શોભા ધરે;
પંડિતના વૃન્દ સમા ટમકંત તારલા, ધરણી અનુપ ફૂદડી ફરે. શાસનના. ૧
કાવ્યગ્રન્થ ચન્દ્રિકા ચમકે રૂપાળી, શીતળતા સજ્જનોનાં હૃદયો ધરે;
સાહિત્યસરોવરે ખીલ્યાં કુમુદો, ભવિજન ચકોર રમ્ય ગાનો કરે. શાસનના. ૨
ઔષધિમાં હેમચન્દ્ર અમૃત છાંટે, મુમુક્ષુના ભવતાપને હરે;
કાર્તિક પૂર્ણિમા શી શોભે રસાળી ! દેવબાલ-બાલિકાઓ રાસે રમે. શાસનના. ૩
સર્વજ્ઞ સાગરના સુધામય પુંજથી, અહિંસા, સત્ય, ક્ષમા, શીલ નિર્ઝરે;
એવાં અમૃતભર્યાં સ્મિતને વહાવી, વિશ્વ સર્વ હેમચન્દ્ર હર્ષે રે. શાસનના. ૪
ચોરાશી પૂર્ણિમાઓ અજવાળી સુંદર, અજિત અમરપદ પ્રાપ્તિ કરે;
જયવન્તી કીર્તિ પ્રસરી આ વિશ્વમાં, **હેમેન્દ્ર** સર્વ દિવ્ય સ્મરણો સ્મરે. શાસનના. ૫

રચયિતા—**મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વધર્મ

લેખક: **વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ**, બી. એ. એલએલ. બી., **( સાદરા )**

**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।**

શ્રીમદ્ ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયના ૩૫ મા શ્લોકનું ઉપર જણાવેલ પદ જુદા જુદા ધર્મોની વિવિધ દૃષ્ટિએ ઘણું જ રહસ્યપૂર્ણ અને અર્થગંભીર તેમજ પરમહિતકારક અને ઉપદેશ-પૂર્ણ જણાતાં તેનું સવિસ્તર વિવેચન કરવાનો પ્રસંગ અત્ર હાથ ધરવામાં આવે છે.

ઉક્ત પદનો સામાન્ય ભાવાર્થ એ છે કે પોતાના ધર્મમાં મરણ થાય તે કલ્યાણકારી છે, પરંતુ પરધર્મ તો ભયકારક જ છે, અને તે સીધા અને સરળ ભાવાર્થને સામાન્ય જન-સમૂહ–લોકગણ પ્રથમ નજરે એવા જ અર્થમાં સમજતો થઇ ગયો છે કે પોતે જે કુળમાં જન્મ્યા હોય તે કુળના પરંપરાગત ધર્મને મરણપર્યંત વળગી રહેવું, પરંતુ મરણાંત કષ્ટ આવે તો પણ પોતાના બાપદાદાનો ધર્મ કદી પણ છોડવો નહીં, એટલે પોતાના ધર્મથી ભ્રષ્ટ થઇ ધર્માંતર કરવો નહીં યા તો અન્ય ધર્મનું શરણ શોધવું નહિ. જીવનભર પોતાના બાપદાદાના કુળધર્મને વળગી રહેવું તેમાં જ આપણું કલ્યાણ છે, જ્યારે અન્ય ધર્મ આપણા માટે ભયકારક નીવડે છે. સર્વત્ર જનસમૂહમાં ઉપરનો સિદ્ધાંત એટલો બધો મક્કમ અને સર્વમાન્ય થઇ ગયેલો હોય છે કે ભલભલા વિદ્વાન પુરુષો અને પંડિત મહાશયો જ્ઞાનબળમાં અને વિચારશક્તિમાં ગમે તેટલા આગળ વધ્યા હોય, જુદા જુદા અનેક ધર્મ–સંપ્રદાયોના-ધર્મના પુસ્તકો અને શાસ્ત્રોના અભ્યાસમાં ઘણી સારી નિષ્ણાતતા મેળવી હોય, ન્યાય અને તર્કશાસ્ત્રના અભ્યાસના પરિણામે ગમે તેટલી નિપુણતા પ્રાપ્ત કરી હોય અને તેના પરિણામે અન્ય કોઇ ધાર્મિક સંપ્રદાય માટે દૃઢ નિર્ણય-પૂર્વકનો પક્ષપાત જામ્યો હોય છતાં પણ કુલગત ધર્મ–સંપ્રદાયના પરંપરાથી ચાલ્યા આવતા ધાર્મિક બંધનોમાં અને સામાજિક રૂઢિની બેડીયોમાં તેઓ એટલા બધા જકડાયેલા હોય છે કે તેમનાથી પોતાના મનમાન્યા અન્ય ધર્મનો સ્વીકાર કરવા પૂરતું મનબળ કે હિંમત દાખવી શકાતી નથી; એટલું જ નહિ પણ પોતપોતાની સંપ્રદાયદૃષ્ટિને તેઓ એટલા બધા વિવશ થઇ ગયેલા હોય છે કે તાણીતોષીને પણ પોતાના ધર્મ–સંપ્રદાયની ત્રુટિઓનો તેઓ હરકોઇ યુક્તિ પ્રયુક્તિથી બચાવ કરવા તૈયાર થઇ જાય છે અને તેને ઘણી જ ગૌણ સ્વરૂપમાં રજૂ કરવા તૈયારી કરતા હોય છે અને આમ ધર્મ–સંપ્રદાયોની વિશિષ્ટતાઓને તેઓ સામા-ન્ય સ્વરૂપની કોટિમાં ગણાવવા તનતોડ પ્રયાસ કરતા રહે છે. પોતાના જ્ઞાનાભ્યાસ–વિદ્વતા ને તર્કશક્તિનો એટલી હદ સુધી ઉપયોગ કરતા જણાય છે કે ખુદ ધર્મ સંસ્થાપકોએ પણ અમુક અમુક બાબતો માટે સ્વપ્નમાં પણ ખ્યાલ કર્યો ન હોય તેવા હેતુઓ આગળ કરવા પ્રેરાય છે; તેમજ તેમની દૃષ્ટિમર્યાદામાં તે વસ્તુઓની ઝાંખી ન થઇ હોય તેવી વસ્તુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતપોતાના સંપ્રદાયોની પુષ્ટિ માટે રજૂ કરવા તૈયાર થઈ જાય છે. પરંપરાથી ચાલ્યા આવતા પોતાના જ સંપ્રદાયને વળગી રહેવાની વૃત્તિ એટલી બધી ધરખમ અને મજબૂત થઇ ગઇ હોય છે કે કવચિત્ સંપ્રદાયદૃષ્ટિ આડે પડલ આવી જતાં હોય તો તેનો પણ કંઈ ખ્યાલ રહેતો નથી. આ રીતે વધતી જતી સંપ્રદાય-દૃષ્ટિ સ્વતંત્ર વિચારધારાને કુંઠિત કરતી અને પરમ વિવેકબુદ્ધિને ઝાંખપ લગાડતી જણાય છે. સંપ્રદાયદૃષ્ટિને કેળવવાના પ્રસંગો વધતા જાય છે તેમ તેમ વિશાળ દૃષ્ટિમર્યાદા સંકુચિત થતી જાય છે અને પરમ સારભૂત વસ્તુઓના મૂલ્યાંકન માટેની શક્તિમાં ઘટાડો થતો જાય છે.

સંકુચિત વિચારસરણીને જન્મ આપતી સંપ્રદાયદૃષ્ટિના કેટલાક અનિષ્ટ પરિણામો પૈકી ઘણી રીતે નહીં ઇચ્છવા યોગ્ય મુખ્ય પરિણામ એ આવે છે કે તેનાથી ખોટા ધર્મના ઝનૂન અને આવેશને ઉત્તેજન મળે છે; એટલું જ નહિ પણ જે તદ્દન નીચી કોટિમાં ઊતરી જતાં અરસપરસના વૈર, વિરોધ અને આતરકલહને ઉત્તેજક કોમવાદમાં અને ધાર્મિક ઝગડાઓમાં વધારો કર્યે જાય છે.

સબબ ઉપરોક્ત સૂત્રની ચર્ચામાં આગળ વધતાં પહેલાં આપણે સંપ્રદાય દૃષ્ટિથી બચી જવા માટે પુરતી સાવચેતી રાખવાની જરૂર છે. આવા વખતોવખત, આગળ કરવામાં આવતા સર્વમાન્ય સૂત્રો અને જનસમૂહમાં રૂઢ થઇ ગયેલ કહેવતોનો પ્રભાવ અને વર્ચસ્વ જન-સમાજ ઉપર એટલા બધા જામી ગયેલા હોય છે કે તેની અસર સીધી કે આડકતરી રીતે દૃશ્ય કે અદૃશ્ય રીતે લોકસમૂહમાં ઘણી ઘણી ઊંડી ઊતરેલી તેમજ સર્વવ્યાપક થઇ ગયેલી જણાય છે. વ્યવહારનિપુણ અનેક બાબતોના તલસ્પર્શી અનુભવથી રીઢા થયેલા મહાનુભાવ પુરુષોના સેંકડો વર્ષોના પ્રત્યક્ષ અનુભવસિદ્ધ સિદ્ધાંતોનો સાર આવા સૂત્રો અને કહેવતોમાં તરવરતો આપણને જણાય છે અને ખાસ કરીને ઉપરોક્ત સૂત્ર તો શ્રી કૃષ્ણ ભગવાનના મુખથી યુદ્ધક્ષેત્રમાં વિષાદ અનુભવતા પરંતપ અર્જુનને સાંભળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલ છે, એટલે તેનું મહત્ત્વ અનેક દૃષ્ટિએ વધી જાય છે. વળી જૈન દૃષ્ટિએ પણ તે ઉપદેશપૂર્ણ હોઇ, ઘણી રીતે વિચારવા યોગ્ય છે અને આપણને ઘણો જ ઉત્તમ બોધપાઠ પૂરો પાડી રહેલ છે.

શ્રી મહાભારતના યુદ્ધના મુખ્ય પાત્ર યોગેશ્વર શ્રી કૃષ્ણ ભગવાનને જૈનદૃષ્ટિ ભાવિ તીર્થંકર તરીકે જણાવે છે અને ધનુર્ધર અર્જુનને તદ્‌ભવ મોક્ષગામી જણાવે છે. આવા મહાન્ ઉપદેષ્ટા અને સુપ્રસિદ્ધ શ્રોતા વચ્ચેના સંવાદમાંથી ઉપરોક્ત સૂત્ર આપણને સાંપડેલ છે તેના રહસ્યનો અને અર્થગાંભીર્યનો યથા-શક્તિ વિચાર કરવાની પ્રત્યેક વિચારકને પ્રેરણા થાય એ સ્વાભાવિક છે. આખા સૂત્રનો આધાર **ધર્મ** શબ્દનો પરમાર્થ સમજવા ઉપર જ રહેલ છે. ધર્મ શબ્દનો વિદ્વાનો અનેક રીતે અર્થ કરે છે. ધર્મ એટલે સંપ્રદાય,ફરજ અને વસ્તુ-સ્વભાવ એમ જુદા જુદા મુખ્ય ત્રણ અર્થ કરી શકાય. સમૂહગત વ્યક્તિઓનો વિચાર કરતાં ધર્મને સંપ્રદાયના અર્થમાં યોજી શકાય અને તે ગણત્રીએ જુદા જુદા ધર્માનુયાયી પુરુષોને પોતપોતાના ધર્મ–સંપ્રદાયને ચુસ્ત-પણે જીવનભર વળગી રહેવા માટેનો ખાસ ઉપદેશ કરવામાં આવે છે. આ સૂત્રના પૂર્વપદનો ભાવાર્થ એ છે કે પરધર્મ કદાચ સર્વાંગે સંપૂર્ણ હોય અને પોતાનો ધર્મ કોઇ અંગથી હીન દેખાય તો પણ તે પરધર્મ આચરવા કરતાં સ્વધર્મ જ શ્રેષ્ઠ છે અને તેથી જ પછીના પદમાં જણાવવામાં આવે છે કે સ્વધર્મ આચરતાં મરણ થાય તો પણ તે કલ્યાણકારી છે અને પરધર્મનો સ્વપ્રકૃતિથી વિપરીત હોવાથી જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભયકારક નીવડે છે. આ અર્થની વિચારણા આપણે પ્રથમ કરી ગયા; પરંતુ આગળપાછળના સંબંધ ( Context ) નો વિચાર કરી જોઇએ તો **ધર્મ** શબ્દને ફરજના અર્થમાં યોજવામાં આવ્યો હોય એ વધારે સૂચક અને બંધબેસતું જણાય છે.

શ્રી મહાભારતનાં યુદ્ધની શરુઆત થતાં પહેલાં પાંડવ અને કૌરવ બંને બાજુના મહારથી યોદ્ધાઓ અને સૈનિકો વ્યૂહના આકારમાં ગોઠવાઇ ગયા બાદ પોતાના સારથિ શ્રી કૃષ્ણને અર્જુને કહ્યું કે હે અચ્યુત ! આ રણના સમારંભમાં તેઓ લડવાની ઇચ્છાથી આવીને ઊભા છે-તો કોની કોની સાથે મારે યુદ્ધ કરવાનું છે ? તથા દુષ્ટ બુદ્ધિવાળા દુર્યોધનનું યુદ્ધમાં પ્રિય કરવાની ઇચ્છાથી અહીં કોણ કોણ લડવા આવેલા છે તેઓને હું જોઇ લઉં ત્યાં સુધી મારો રથ બંને સેનાની વચ્ચે લઇ જઇ ઊભો રાખો. ત્યારબાદ કેટલાક વિવેચન પછી શોકમાં ડૂબી ગયેલ અર્જુને કહ્યું કે— નરકવાસ થાય એવું મહાન પાપ કરવા અમે તૈયાર થયા છીએ; કેમકે રાજ્યસુખના લોભથી અમે સ્વકુટુંબીઓને હણવા તૈયાર થયા છીએ. એ કરતાં તો હાથમાં હથિયારવાળા ધૃતરાષ્ટ્રના પુત્રો જો મને પ્રતિકાર નહિ કરનારને તથા શસ્ત્ર વગરનાને રણમાં હણી નાખે તો તેથી જ મારું વધારે હિત થાય. અર્જુનના આવા વિષાદપૂર્ણ વાક્યો સાંભળીને—સંવાદને આગળ લંબાવતાં—શ્રી કૃષ્ણ ભગવાન જ હૃદયનું તુચ્છપણું-દુર્બળપણું તજી દઇને તું યુદ્ધ માટે ઊભો થા " એવા શબ્દો સાથે પોતાની અસ્ખલિત ઉપદેશધારા વહેતી મૂકે છે અને તેનું દોહન ભગવદ્ ગીતામાં સંગ્રહિત થતાં જનસમાજને વ્યવહારકાર્યમાં અને ધર્મકાર્યમાં અનેક રીતે ઉપયોગી અને બોધપ્રદ થઇ પડે તેવા સંખ્યાબંધ પૂર્ણ ઉપદેશાત્મક સૂત્રોનો સંચય સાંખ્યયોગ કર્મયોગ, કર્મ બ્રહ્માર્પણ-યોગ-કર્મ સંન્યાસયોગ, અધ્યાત્મયોગ, જ્ઞાનયોગ, અક્ષર બ્રહ્મયોગ, મોક્ષ સંન્યાસયોગ વગેરે જુદા જુદા અનેક વિષયોના સવિસ્તર વિવેચનદ્વારા આપણને સાંપડે છે અને જનસમાજ તેનો અનેક રીતે ઉપયોગ કરી આત્મકલ્યાણની સાધનામાં ઉદ્યુક્ત રહે છે.

આ રીતે મહાભારતના યુદ્ધની શરુઆતના બનાવનો, તેના સમયના દેશ-કાળનો વિચાર કરતાં, પરમ ક્ષત્રિય મહારથી યોદ્ધા તરીકે, બંને સેનાની વચ્ચે ઊભેલા અર્જુનને પોતાના કર્તવ્ય અને ફરજની બાબતમાં વિષાદપૂર્ણ હૃદય સાથે મુગ્ધ દશામાં જોઇને શ્રી કૃષ્ણ ભગવાન તેને તેની ક્ષત્રિય તરીકેની પવિત્ર ફરજ—જવાબદારી અને તેમાં પોતાના જ સ્વધર્મનું યથાર્થ ભાન કરાવે છે તે આપણને તે વખતની પરિસ્થિતિનો દીર્ઘદૃષ્ટિપૂર્વક વિચાર કરતાં સુઘટિત ઘટના જણાય છે.

ઉપરોક્ત મહાભારતના યુદ્ધને પણ ભુલાવે તેવા મહાન સંહારક હાલમાં ચાલતા વિશ્વયુદ્ધના મુખ્ય નેતાઓ, સંચાલકો અને સૈનિકો સમક્ષ વૈરાગ્યનો કે અહિંસાનો ઉપદેશ આપવા કોઇ આગળ આવે તો તેની તતૂડીનો અવાજ કોઇ સાંભળે તેમ નથી; એટલું જ નહિ પણ કેવળ સામ્રાજ્યવાદી પ્રબળ રાજ્યસત્તા તેની સામે ડિફેન્સ ઓફ ઇન્ડિયા એક્ટની કોઇ કલમ લાગુ કરી દે તેવો ભય રહે છે એટલે આધુનિક સમયના અનુભવપૂર્વક મહાભારતના સમયના યુદ્ધનો શાંતિથી વિચાર કરવા પ્રેરાઇએ તો આપણને તરત જ ખાત્રી થાય કે યુદ્ધમાંથી પાછા પડવાની અર્જુનની દુ:ખદ પરિસ્થિતિનો સંપૂર્ણ રીતે વિચાર કરીને જ તેને ક્ષાત્રધર્મ અંગેની તેની ફરજમાંથી ચ્યુત થતાં બચાવી લેવામાં આવે છે. ( ચાલુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાની અદ્ભુત શક્તિ—સંતની વાણી.

[ ૬ ]

લેખક: **મોહનલાલ દીપચંદ ચોકસી.**

"ભવ્યાત્માઓ ! તમારામાંથી મને એવો એક પણ માનવી બતાવો કે જેને સુખની ઇચ્છા ન હોય ! સર્વ કોઇ રાત્રિદિવસ સુખપ્રાપ્તિના સાધનો પાછળ જ મંડ્યા રહેતાં દ્રષ્ટિગોચર થાય છે; જો કે એ સુખની વ્યાખ્યામાં અવશ્ય અંતર હોય છે અને તેથી એ પ્રાપ્ત કરવાના રસ્તા પણ ભિન્ન હોય છે. જેમની ઇચ્છા આ લોકના સુખો ભોગવી પરલોકમાં પણ સદ્ગતિ પ્રાપ્ત કરવાની હોય તેમણે તો કોઇની પણ સાથે અન્યાયથી વર્તવું ન જોઇએ; અર્થાત્ પાપાચરણમાંથી હાથ ઉઠાવવો જોઇએ. જેમને પાપ એ શું વસ્તુ છે અને પુણ્ય તે વળી કઇ ચીડિયાનું નામ છે એની ગતાગમ નથી તેઓ બીજા જીવોનો ઘાત કરવા સહજ તૈયાર હોય છે. એ વેળા એમને એવો વિચાર સરખો પણ ઉદ્ભવતો નથી કે 'પરને પીડા ઉપજાવી' કિંવા 'અન્યની આંતરડી કકળાવી' આપણે કઇ રીતે સુખી થવાના ! કેટલીક વાર તો પાપનું બંધન રાચીમાચીને કરવાનું આવે છે. ધર્મને નામે જાત જાતના ક્રિયા કાંડો સ્વાર્થી પુરુષો તરફથી ઊભા કરવામાં આવેલાં છે. માતાને નામે જીવતા પશુઓનું બલિદાન દેવાનું કાર્ય એમાનું એક છે. જો સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવામાં આવે તો હરકોઇને સહજ સમજાય તેમ છે કે 'માતા' શબ્દમાં જેટલી મીઠાશ અને નિર્ભયતા ભરી છે એટલી બીજા કશામાં નથી સંભવતી. બાળકો માટે માતાનો ખોળો એનો મહાન્ આશ્રય સમો લેખાય. જ્યારે દુન્યવી માને સારુ આવી સ્થિતિ હોય તો જે જગદંબા કહેવાય છે અર્થાત્ અખિલ વિશ્વના નાના મોટા જીવોનું જે આશ્રયસ્થાન છે એવી મહામાયા પોતે પોતાની સામે જીવતા પશુઓના લોહી વહેવડાવવાનું પસંદ કરે ખરી ? માંસના લોચા અને રક્તના રેલાથી એ પ્રસન્ન થાય ? આ જાતના કરપીણ કાર્યમાં દયાનો છાંટો સરખો પણ સંભવે છે ખરો ? જેઓ જગત્કર્ત્તા ઇશ્વરને માને છે તેઓની ફરજ તો એ ગણાય કે એ પરમ પિતાના સરજેલા નાના મોટા સર્વ જીવોની રક્ષા કરવી. પોતાની સ્વાર્થલોલુપતા તૃપ્ત કરવા કે માંસ ખાવાની વૃત્તિને પોષવા હરગીજ આ જીવોને વેદિપર ન ચઢાવવા. પરમ કૃપાળુપણાનું બિરુદ ધારણ કરનાર અને ભગવાન કે મહાદેવપણાનું ગૌરવસંપન્ન પદ ધરનાર વિભૂતિ પછી ભલેને તે ગમે તે નામે ઓળખાતી હોય—ચાહે તો શિવ—શંકર તરીકે સેવાતી હોય કિંવા કાળી—મહાકાળી તરીકે ઉપાસાતી હોય—છતાં એતો નર્યું સત્ય છે કે એની સાનિધ્યમાં જગત્ના પ્રત્યેક જીવને અભય હોય-બહારના કોઇ દુશ્મન તરફની પણ ભીતિ સરખી ન સંભવે. ત્યાં પછી દેવીભકતો તરફના ભયનું નામ તો હોય જ ક્યાંથી ? પ્રત્યેક ધર્મનો મૂળ સિદ્ધાંત દયાનો જ છે—' **अहिंसा परमो धर्मः** ' એ સૂત્ર ટંકશાળી અને પ્રાચીન છે. જ્યાં ભૂતદયા નથી—પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમભાવ નથી ત્યાં ધર્મનો સદ્ભાવ ક્યાંથી હોય ? જ્ઞાની પુરુષ તો કહી ગયા છે કે—

**आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ।**

અર્થાત્ તે આત્મા જ ચક્ષુવાળો છે વા સાચી રીતે જોઇ શકે છે કે જે પોતાના જેવો જ આત્મા અન્યમાં વસે છે એમ માને છે અને તેથી પોતાના દરેક આચરણમાં જયણા સાચવે છે. પોતાને અમુક કાર્યથી દુઃખ થતું માનનાર સામા પ્રત્યે હરગીજ એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય કરવા નહીં પ્રેરાય. મૃત્યુભય પોતાને છે એમ માનનાર હરગીજ સામાના જીવને મરણના મુખમાં ધકેલવા તૈયાર ન જ થાય.

જો આ સત્ય સમજાય તો કાળીમાતાને જીવતા પશુઓના બલિ ચઢાવવાનો માર્ગ એ ધર્મનો નહીં પણ ખરેખર અધર્મનો જ છે. એમાં ઘોર હિંસા સમાયેલી છે. એ કરપીણ કરણી પાછળ ભલે ચમત્કારની જાળ ગુંથાણી હોય છતાં એ ઇંદ્ર-વાયણાના ફળ જેવી છે. સરવાળે એમાં સર્વનાશ સમાયેલો છે. સાચું કહું તો દેવીના નામે માંસ-લોલુપીઓએ ચલાવેલો આ ઢોંગ છે. ભોળી જનતાને ફસાવવાનો તાગડો છે.

બલિ ચઢાવવા છતાં પણ કાળીમાતા સર્વને સુખી કરે છે એવું પણ નથી. દૂર જવાની જરૂર નથી. ખુદ તમારા રાજા પદ્મનાભે પુરોહિત માણેક દેવની મોરલીએ નાચી પોતાનો કુલધર્મ છોડ્યો અને મૂંગા પશુઓનો ભોગ ધરવા માંડ્યો છતાં હજુ સુધી એમને પુત્રમુખ જોવાનો પ્રસંગ લાધ્યો નથી ! દેવી સૌ ભક્તો પર સરખી રીતે પ્રસન્ન થાય છે એ વાત ગળે ઊતરે તેવી નથી કેમકે એ એની સત્તાની વાત નથી.

સુખદુઃખનું સારુ યે તંત્ર કર્મરાજને આધીન છે. આઠ પ્રકારના મુખ્ય કર્મોની વિચિત્ર ને વિલક્ષણ દોરવણીથી એ અસ્ખલિત રીતે ચાલે છે. એનો પાર પામવાની શક્તિ જ્ઞાની ભગવાન સિવાય બીજા કોઇમાં નથી.

જીવો પોતાના પૂર્વ કર્મો પ્રમાણે સુખદુઃખ પામે છે. જગતમાં જે વિષમતા દ્રષ્ટિગોચર થાય છે એના મૂળમાં ઊંડા ઊતરતાં સહજ જણાશે કે એ નથી તો કોઇ ઇશ્વરને આભારી કે નથી તો કોઇ માતાના શાપ કે આશીર્વાદને આભારી, કેવળ પોતાની પૂર્વ ભવની સારી માઠી કરણીનો ઉદય એમાં નિમિત્તભૂત છે.

કોઇને સંતતિ જ થતી નથી તો કોઈને પોષણ માટે ચિંતા કરાવે તેવી લ્હાર હોય છે ! કોઇ સંપત્તિ માટે બાથોડા મારે છે, જાત જાતના પ્રયત્નો સેવે છે, ન કરવાના કાર્યો કરે છે અને હદ વગરની ખુશામત આચરે છે છતાં નસીબ ચાર ડગલા આગળનું આગળ જાય છે અર્થાત્ ખીસા ખાલીના ખાલી રહે છે; જ્યારે બીજે અઢળક ધન ખડકાયેલું હોય છે અને વિલાસ માણવાના સાધનોની કમી નથી હોતી. કેટલાક લક્ષ્મીની તંગીથી મુંઝાય છે, બીજા તો એના અતિરેકથી ફૂલાય છે ! કોઇને એની પૂરી કૃપા હોય છે તો એ ભોગવવા દેહનું દુઃખ હોય છે. દરદ એનો પીછો છોડતું નથી; બીજા જ્યારે શરીરે તંદુ-રસ્ત હોય છે ત્યારે ઘરમાં હાંલ્લા કુસ્તી કરતા હોય છે ! કોઇ વિયોગજ્વરથી પીડાતા હોય છે તો બીજા વળી રોજની સાઠમારીથી થાકયા હોય છે ! આ જાતની અને એ ઉપરાંત ઘણા પ્રકારની વિચિત્રતાઓ જે અહર્નિશ નયનપથમાં આવે છે એ કોને આભારી છે ?

એનો ઉત્તર એક જ છે અને એ ન્યાયદ્રષ્ટિથી વિચારતાં ગળે ઊતરે તેવો છે અને તે એ જ કે પોતપોતાના પૂર્વસંચિત શુભ અશુભ કર્મોને એ સર્વ આભારી છે.

વાંચકને ગયા પ્રકરણ પછી એકાએક આ હૃદયસ્પર્શી ઉપદેશ શ્રવણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં સહજ વિચાર ઉદ્ભવશે કે આ બધું વ્યાખ્યાન કોનાં મુખેથી બહાર પડી રહ્યું છે ? એટલે એના સંધાનમાં કેટલુંક સ્પષ્ટીકરણ કરી આ મીઠી વાણીના પ્રવાહમાં આગળ વધવું ઠીક છે.

મંદારગિરિ પર પર્વના અંતિમ દિવસે હજારો માનવોની મેદની જ્યાં જામી છે એ મંડપમાં ઊંચા આસને વિરાજમાન થઇ આ ઉપદેશ આપનાર મહારાજ શ્રી અમરકીર્તિ પોતે જ છે. આશ્વિન માસમાં નવરાત્રિના દિવસો આવે અને કાળીમાતાને નામે હજારો મૂંગા પશુઓના પ્રાણનાં આંધણ મૂકાય એ કોઇપણ હિસાબે આ વર્ષે ન બને એવી તેમની નિશ્ચિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિલાષા હતી. પ્રેમમાર્ગે હિંસામાં રહેલ દોષો સમજાવી એ કાર્ય પાર પાડવું યા તો સ્વજીવન હોમીને પણ હિંસાનુ કાર્ય અટકાવવું એ તેમનો નિર્ધાર હતો. '**कार्यम् साधयामि वा देहम् पातयामि**' એ મુદ્રાલેખ હતો. એ વાત ઘણાખરા ભક્તો જાણતા હતા. આજે એકત્ર થયેલ વિશાળ જનસમૂહ એ વેળા હાજર રહેલ જૈન-જૈનેતર મનુષ્યો જોતાં જ આચાર્યશ્રીને પોતે જે કાર્ય હાથ ધરવા ઇચ્છે છે તેની ભૂમિકા રચવાનું સહજ સ્ફુરી આવ્યું એટલે જ હૃદયના ઊંડાણમાંથી શબ્દો નીકળવા માંડયા, પર્ષદામાં મહેન્દ્રકુમાર હતો તેમ રાજપુત્રી મૃગાવતી પણ પોતાની સખી જોડે આવીને સ્ત્રીવૃંદમાં બેઠી હતી. પૂર્વે જોયું તેમ આચાર્યશ્રીની દેશના સાંભળવાનો તેણીને રાજવી પદ્મનાભ તરફથી નિષેધ કરવામાં આવ્યો હતો છતાં રાજકુમાર પ્રત્યેના સ્નેહથી આકર્ષાઇ તેણીએ પિતાની આજ્ઞા અભરાઇએ ચડાવવાનું સાહસ ખેડયું હતું. ઉપદેશ શ્રવણ કરતાં કેટલીયે વાર તેણીનાં નેત્રો મહેન્દ્રકુમારનાં નેત્રો સાથે મેળાપ કરી ચૂકયા હતા. ઉભય વચ્ચે પ્રેમાંકુરનો ઉદ્ભવ થઇ ચૂકયો હતો. અને વારંવાર તારામૈત્રક એને આભારી હતું. મહેન્દ્રકુમાર આચાર્યશ્રીનો નિર્ધાર જાણતો હતો તેથી તે હાજર હતો એટલું જ નહીં પણ તેઓશ્રીનો પ્રત્યેક શબ્દ ધ્યાનપૂર્વક સાંભળતો હતો.

આજે સૂરિમહારાજના મુખમાંથી બહાર આવતો દરેક શબ્દ શ્રોતાગણના અંતરમાં અહિંસાગુણની અજબ મોહકતા પ્રગટાવતો અને એ માટે કંઇ કરવું જ જોઇએ એવા ભાવ જન્માવતો. રાજકુંવરી મૃગાવતીને દેવીમંદિરની બલિક્રિયા મૂળથી જ ગમતી નહોતી, એ સ્થળની બિભત્સતાથી કમકમા આવતાં, આજના ઉપદેશે એ પ્રત્યે સાચો વિરાગ પ્રગટાવ્યો. હૃદયપ્રદેશમાં મંથન શરુ થયું. હિંસામાં ધર્મ ન જ હોય એવો નાદ ઉદ્ભવ્યો.

ત્યાં તો આચાર્યશ્રીનો ગંભીર સ્વર પુનઃ સંભળાયો.

"જો અહિંસા એ જ પરમ ધર્મ છે એમ યથાર્થ સમજાયું હોય તો તમારો ધર્મ એનું પાલન કરવાનો ખરો કે નહીં ? તો પછી તમારાથી કાળીમાતા સામે પશુબલિ ચઢાવાય ખરા ?"

શ્રોતાવૃન્દમાંથી જોરપૂર્વક અવાજ આવ્યો.

અમો હવે પશુબલિ ચઢાવવામાં જરા પણ સાથ આપીશું નહીં. માતાની બાધા-આખડી રાખીશું નહીં.

સૂરિમહારાજ–મહાનુભાવો, તમો એટલું કરો એ સારી વાત છે પણ જે સ્થાનમાં હજારો નિર્દોષ પશુઓની માતાના ભોગને નામે ઉઘાડી કતલ ચાલી રહે એવા આશ્વિન માસના એ દિવસોમાં આટલી પ્રતિજ્ઞા સાગરમાં બિંદુ જેવી લેખાય. જાતે ન કરવું અને બીજા જે કોઇ એ જાતનું પાપાચરણ કરી રહ્યા હોય તેમને પ્રેમથી સમજાવવા. કદાચ એમ કરવા જતાં જીવ પર જોખમ આવે તો તે સહન કરવું અને એ રીતે અહિંસા ધર્મની પ્રતિષ્ટા કરવી એ આજનો યુગધર્મ છે. ધર્મનું સાચું પાલન છે.

અહિંસાનું સ્વરુપ કેવળ શ્રવણ કરવા માત્રથી કલ્યાણકારી નથી થતું. સમજણ પાછળ અમલની આવશ્યકતા રહે છે. તમો મલ્લીપુરના પ્રજાજનો છો. આવનારા એ દિવસોમાં તમો બલિ નહીં ચઢાવો છતાં પુરોહિતના દબાણથી–એણે રાજનને બંધાવેલ ઊંધા પાટાથી પ્રતિવર્ષ માફક આ વેળા પણ રાજા મોટો બલિદાન સમારંભ કરવાના જ. 'યથા રાજા તથા પ્રજા' એ ન્યાય મુજબ બીજાઓ પણ એનું અનુકરણ કરવાના, એનો ફલિતાર્થ એ આવવાનો કે આપણી ચક્ષુઓ સામે આ ઘોર હિંસાયજ્ઞ થવાનો. હજારો મૂંગા જીવોનો ભોગ અપાવાનો. રકતની છોળો ઊછળવાની.

અહિંસાનુ સ્વરુપ સમજ્યાનો દાવો કરનારા, એ જ સાચું છે એમ માનનારા આપણે એ વેળા માત્ર એક પ્રેક્ષક તરીકે જોયા કરવું ? કે 'સત્યનો સદા જય છે' એ ટંકશાળી વચનનું શરણું લઈ આપણા એ ભાનભૂલા બાંધવોને ઊંધા માર્ગમાંથી પાછા વાળવા કમર કસવી ? એમ કરવામાં પુરોહિતની લાલ આંખ થવાની જ, રાજાનો કોપ વહોરવાનો અને કેવળ માયા મૂડીની જ હાનિ નહીં પણ જિંદગીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમર આત્મમંથન

( ગતાંક પૃષ્ઠ ૭૫ થી શરૂ )

લેખક : **અમરચંદ માવજી શાહ.**

૩૧. તમે જો બહુ તવંગર કે બહુ ગરીબ નહીં એવી સ્થિતિમાં હો તો એ મધ્યમ સ્થિતિ તમારા જીવનવિકાસ માટે અત્યુત્તમ છે. કારણકે એકદમ ગરીબાઈ હોત તો તેની ચિંતામાં તમારું જીવન સપડાઇ જાત; વધુ તવંગર હોત તો તેની જંજાળમાં ફસાઇ પડત.

૩૨. શ્રીમંતો ઊંચી અટારીએ કેમ રહેતા હશે ? નીચેની ગરીબ દુનિયાનું દર્શન કરવા ? જેમ મેઘરાજા આકાશમાંથી વરસાદ વરસાવે છે તેમ એ જો ઊંચે ચડીને દાનપ્રવાહ વહાવે તો જ તે ઊંચે પદે શોભે છે; નહિતર સમજવું કે તે ઊંચે પદે નથી પણ અહંપદે છે. અને જ્યારે તેનું પતન થાય છે ત્યારે જ તેને ભાન આવે છે.

૩૩. નાની વય છે અને મરવાને ઘણી વાર છે એવી પ્રમાદદશામાં રહી જો જીવનમાં કાંઈ પણ આત્મશ્રેય નહીં સાધ્યું તો જરૂર પસ્તાશો. આ સંસારની ભાવિક ભ્રામક ભૂલામણીમાં પરને પોતાનું સમજી ફસાયા અને કર્તવ્ય ચૂકી ગયાં અને આશાભર્યા જીવન અધૂરાં અધવચ્ચે જ રહી ગયા તો સમજજો કે માનવજીવન હારી ગયાં.

૩૪. જીવનપ્રવૃત્તિમાં જેટલી પલો ફાજલ મળે તેનો ઉપયોગ પરહિતાર્થે કરી શકાય તો એક કુબેરનાં દાન કરતાં મહાન દાનનું અખૂટ ઝરણું તમારી પાસે છે એમ સમજો.

૩૫. જ્યારે એકલા હો, અસંગ જેવું લાગે ત્યારે ઉત્તમ પુરુષોનાં જીવનચરિત્રો અને આત્મજ્ઞાનનાં પુસ્તકોને મિત્ર બનાવજો જેથી એકલવાયાપણું લાગશે નહિ અને તે એકાંત વાચન મનનદ્વારા તમે તમારા આત્મદેવ સાથે વાતો કરી આત્માનંદ પ્રાપ્ત કરી શકશો.

( ચાલુ )

---

હોડ પણ ખેલવાની—એ ઉઘાડી વાત છે. આ વિશાળ સમુદાયમાં એ માટે જેની તૈયારી હોય તે ઊભા થાય.

છતી શક્તિએ જે આત્મા બીજા જીવોને અભય આપવા તત્પર નથી થતો એ ખરેખર કાયર છે.

આચાર્યશ્રીની હૃદયસોંસરી વાણી સાંભળી જનવૃંદમાંથી એક બહાદૂર યુવક ઊભો થયો અને કર જોડી બોલ્યો-ગુરુદેવ, એ હત્યાકાંડની સામે હું મારો દેહ ધરવા તત્પર છું. આપ જે ચીલો ચીંધશો તેમાંથી હુ મારો દેહ હશે ત્યાં સુધી જરાપણ પીછેહઠ નહીં કરું.

શાબાશ, શાબાશ, તારી યુવાનીને ધન્ય છે. થોડા નવલોહીઆના સાચા અને સમજણપૂર્વક આપેલા ભોગ વિના આ જાતના હત્યાકાંડો બંધ નથી થવાના-સ્વાર્થપિપાસુઓની લાલસાના પડદા તે વિના નથી ચીરાવાના. મારે એક કરતાં વધારે બત્રીશ દંતાળાની જરૂર છે. મને ખુશ કરવા સારૂં કોઇ ઊભો ન થાય. જેમના અંતરમાં આ વીર તરુણની માફક અહિંસાના પ્રચારની ખરેખરી જ્યોત જલતી હોય તે જ એના જેવી હિંમત દાખવી આગળ આવે.

તરત જ બીજા સાત યુવાનો ઊભા થયા. આમ સંખ્યા આઠની થઇ.

વાતાવરણમાં કોઇ અનેરી ચમક આવી. સૌ કોઇના આંખો આ શૂરાઓપ્રતિ મંડાઇ રહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## પંજાબના વર્તમાન
### ૭૩ મી જન્મજયંતી.

પટ્ટીનગરમાં આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્યપ્રશિષ્યાદિ મુનિમંડલી સહિત ચાતુર્માસ બિરાજમાન હતા. નવપદ ઓળીનું આરાધન ઠીક થયું હતું.

આચાર્યશ્રીજીના ૭૩ મા જન્મદિવસની યાદગારમાં સેવાભાવી નવયુવાનોએ પોતાનું સંગઠનબળ કેળવી **શ્રી આત્મવલ્લભ જૈન સેવક મંડળ-પટ્ટી** સ્થાપન કર્યું. આ પ્રસંગે આચાર્ય શ્રીમદ્વિજયવિદ્યાસૂરિજી મહારાજ અને પંન્યાસ શ્રી સમુદ્રવિજયજીએ સંગઠન, સેવા એ વિષયમાં મનનીય વિવેચનો કર્યા હતા.

### કારતક સુદિ ૨ ભાઇબીજ.

આજે આચાર્યશ્રીજી ૭૨ વર્ષ પૂરાં કરી ૭૩ મા વર્ષમાં પ્રવેશ કરતા હોવાથી ૭૩ મો જન્મદિવસ ઊજવવાને પંજાબ શ્રી સંઘમાં અજબ ઉત્સાહ છવાઇ રહ્યો હતો.

પોતાના પરમોપકારી ગુરુદેવના જન્મદિવસ-મહોત્સવ ઊજવવામાં પટ્ટી શ્રી સંઘના આમંત્રણને માન આપી ગુજરાંવાલા-લાહોર-અમૃતસર-લુધીઆના, જંડીયાલા--હુશિયારપુર--અંબાલા-રાયકોટ--શિયાલકોટ-જીરા-કસૂર-ખાનગાડોગરા-વેરોવાલ વગેરેથી સારા પ્રમાણમાં ભાવિકો પધાર્યા હતા.

લાલા તેલુશાહની કોઠીમાં મંડપ બનાવવામાં આવેલ ત્યાં જીરાનિવાસી વકીલ બાબુરામજી જૈન એમ. એ. ની અધ્યક્ષતામાં જાહેર સભા ભરવામાં આવી હતી. આચાર્યશ્રી પોતાની મુનિમંડળી સહિત મંડપમાં પધારતાં સભાએ ઊભા થઇ સ્વાગત કર્યું હતું.

દશ વાગતાં સભાનું કામકાજ ચાલતાં શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના વિદ્યાર્થી અને હાલ શિક્ષક પૃથ્વીરાજજીએ પ્રાસંગિક વિવેચન કર્યું હતું.

શ્રી આત્મવલ્લભ જૈન સેવક મંડળના તરફથી પ્રમુખ બાબુ મૂલખરાજજીએ અભિનંદન પત્ર વાંચી સંભળાવી ગુરુદેવને અર્પણ કર્યું હતું.

લાલા મંગતરામજી-અંબાલા, આત્માનંદ જૈન શિક્ષણમંદિર--જીરાના વિદ્યાર્થી સત્યપાલ ગૌરીશંકર, બાબુ શોરીલાલ બી. એ. શિઆલકોટ, શ્રી આત્માનંદ જૈનકૉલેજ અંબાલાના પ્રિન્સિપાલ બાબુ મૂળરાજજી જૈન આદિ આચાર્યજીએ કરેલાં મહાન કાર્યો, અને કેળવણી અને કેળવણી વિષયક સંસ્થા એ વિષય ઉપર સુંદર વિવેચનો કર્યાં હતાં.

બાબુ ગૌરીશંકરજીએ બોલતાં જણાવ્યું કે: 'મારી અગાઉ લાલા તેજરાજજીએ પોતાના આકર્ષક ભજનમાં ગૌરીશંકર જેવા ચરણોમાં પડી ગયા એવું સંભળાવી ગયા છે એ **ગૌરીશંકર** હું પોતે જ છું, આચાર્યશ્રીજીના સમાગમમાં આવ્યા પહેલાં હું નાસ્તિકમાં નાસ્તિક હતો. કોઇને ય પણ માનતો ન હતો. હું ઘણા વિદ્વાનોની સાથે ચર્ચા કરતો હતો. તેઓની સાથે જોરપૂર્વક ટક્કર ઝીલતો હતો; પરંતુ કોઇ મારા મનનું-મારી શંકાઓનું સમાધાન ન કરી શક્યું. શ્રી આચાર્યદેવ ગુજરાંવાલા પધાર્યા ત્યારે હુશિયારપુરના મારા મિત્ર અયોધ્યાપ્રસાદજીએ મને જણાવ્યું કે ગુજરાંવાલામાં જૈનાચાર્ય જૈનગુરુ શ્રી વિજયવલ્લભસૂરિજી પધાર્યા છે. એઓની પાસે તમો જાઓ. તમારા આત્માને જરૂર શાંતિ મળશે. હું એમની પાસે ગયો. દર્શન કર્યા. ચર્ચા શરૂ કરી. મને રસ પડ્યો. પછી હું દરરોજ જવા લાગ્યો. બે બે કલાક ચર્ચા કરતો રહ્યો. મારી ચર્ચા સાંભળનારા અકળાઇ જતા અને કોઇ કોઇ વખત તો મને બહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઢવા મથતા, પણ આચાર્યશ્રીજી સૌને શાંત કરતા—સમજાવતા. એના ફળ સ્વરૂપે હું દેવગુરુધર્મને માનનારો થયો, આત્મા–પરમાત્માને સમજનારો થયો. આજ ગુરુદેવના પ્રતાપથી હું મહાન અંધકારમાંથી પ્રકાશમાં આવ્યો ' ઇત્યાદિ વિવેચન કર્યું હતું.

જંડીયાલા ગુરુના ૮૦ ભાવિકોએ આવતું ચૌમાસું જંડીયાલા કરવા જોરદાર વિનંતી કરી અને ગાયનદ્વારા પણ પ્રાર્થના કરી હતી.

શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ–પંજાબના વિદ્યાર્થીઓએ સત્યતા વિષયમાં સંવાદ–ડ્રામા સંસ્કૃતમાં કરી સભાજનોને રંજિત કર્યા હતા.

સભાજનોની વિનંતીને માન આપી આચાર્યશ્રીએ કેળવણી અને સાધર્મિકોદ્ધાર વિષયમાં હૃદયગ્રાહી બહુમૂલ્ય ઉપદેશ આપ્યો હતો.

અંતમાં અધ્યક્ષ મહાશયે ઉપસંહાર કર્યા બાદ બે વાગે સભા વિસર્જન થઇ હતી.

શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ-પંજાબ-ગુજરાંવાલા—શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય--વરકાણા, શ્રી પાર્શ્વનાથ જૈન ઉમેદ બાલાશ્રમ–ફાલના, શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર, શ્રી સુરવાડા શ્રી સંઘ, અંબાલા શ્રી સંઘ, માલેરકોટલા શ્રી સંઘ આદિના મુબારકબાદીના તારો અને પત્રો આવ્યા હતા.

રાતના આઠ વાગે જીરાનિવાસી લાલા ખેતુરામજી જૈનની અધ્યક્ષતામાં જાહેર સભા થઇ. શ્રી આત્માનંદ જૈન કૉલેજ–અંબાલાના પ્રોફેસર વિમલપ્રસાદજી જૈનનું, જૈનધર્મના સિદ્ધાંત એ વિષયમાં મનનીય ભાષણ થયું.

ગુરુદેવના ૭૩ માં જન્મદિવસની ખુશાલીમાં લાલા નંદલાલજી તીર્થરામજી નાહરે શહેરના સાધર્મિકભાઇઓનું સાધર્મિક વાત્સલ્ય કર્યું હતું.

ત્રીજના દિવસે આચાર્યદેવે સાધર્મિકસારોદ્ધાર વિષય પર દાખલાદલીલો સાથે ઘણું જ મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાન આપ્યું અને શ્રી આત્માનંદ જૈન ગુરુકુળને મદદ આપવા સૂચવ્યું હતું.

વકીલ બાબુરામજી એમ. એ. ગુરુકુળના વિષયમાં સરસ ઉદ્ગારો કાઢતા જણાવ્યું કે: ' ગુરુકુળે ૧૫–૧૬ વર્ષમાં સુંદર કામ કર્યું છે. અમારા જીરાનગરમાં આચાર્યશ્રીજીની કૃપાથી શ્રી આત્માનંદ જૈન શિક્ષણમંદિર સ્થાપન કરવામાં આવેલ, એમાં માસ્તર તિલકચંદજીએ ચારપાંચ મહિનામાં કેવું સરસ કામ કરી બતાવ્યું છે. માસ્તર તિલકચંદ જેવા અને એમનાથી પણ વિશેષ યોગ્યતા ધરાવનારા ૨૦–૨૫ વિદ્યાર્થીઓ ઉત્પન્ન કરી ગુરુકુળે આપણને સોંપ્યા છે, કે જેઓ શિક્ષકનું કામ કરવા લાયક છે અને કેટલાક તો કરી રહ્યા છે.'

## જ્ઞાનપંચમી.

જ્ઞાનપંચમી આરાધના નિમિત્તે તે દિવસે લાલા નંદલાલજી તીર્થરામજી જૈન નાહરે નાંદ મંડાવી જ્ઞાનપંચમી સજોડે લાલા તીર્થરામજીએ આચાર્યશ્રીજીની પાસે ઉચ્ચરી અને લાલા શંકરદાસજી ઠેકેદાર, લાલા સુંદરલાલજી, કસ્તૂરીલાલજી, અમરનાથજી, ચુનીલાલજી, જગદીશમિત્રજી, રતનચંદજી, ફત્તેહચંદજી, રૂપલાલજી, કિસનચંદજી આદિ ૧૮ ભાઇઓ અને ૩૮ બેનોએ જ્ઞાનપંચમી, ચોથું વ્રત, વીશસ્થાનકની ઓળી વગેરે ઉચ્ચાર્યા હતા. આચાર્યશ્રીજીએ વ્રતોચ્ચારણ કરાવી દેશના આપી હતી.

આચાર્યશ્રીજીના વરદ્ હસ્તે શ્રી આત્માનંદ જૈન પાઠશાળા અને આત્માનંદ જૈન કન્યાશાળા સ્થાપવામાં આવી.

ગુજરાંવાલા માલેરકોટલા વિગેરે નગરોમાં પણ આચાર્યશ્રીજીનો ૭૩મો જન્મદિવસ સમારોહપૂર્વક ઊજવાયો હતો. પૂજા તથા સભાઓ ભરી આચાર્યશ્રીના વિષયક મહત્ત્વભર્યાં ભાષણો થયા અને ગરીબોને જમાડવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાની લાઇબ્રેરીને ભેટ.

આ સભાના માનનીય પ્રમુખ શેઠશ્રી ગુલાબચંદભાઈ આણંદજી તરફથી તેઓશ્રીના સુશીલ સુપુત્રી સ્વ. બહેન ઇન્દુમતીના શ્રેયાર્થે આ સભાની લાયબ્રેરીને ૮૩ પુસ્તકો ભેટ મળ્યાં છે, જે માટે તેઓશ્રીનો આભાર માનીએ છીએ.

---

### 'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા'ના પ્રાચીન માગધી, સંસ્કૃત ગ્રંથો માટે નમ્ર સૂચના.

**वसुदेवहिंडि**—પ્રથમ ભાગ સિલિકે નથી, જેથી પ્રથમ ભાગ ખરીદ કરનાર મહાશયોએ બીજો ભાગ તુરત મંગાવી લેવો. તે પણ હવે સિલિકે જૂજ છે.

**श्री बृहत्कल्पसूत्र**—પ્રથમ ભાગ સિલિકે નથી, જેથી પ્રથમ ભાગ લેનાર મહાશયોએ બીજાથી પાંચમા ભાગ સુધી, બીજા ભાગ સુધી ખરીદેલ હોય તેમણે ત્રીજો, ચોથો, પાંચમો, ત્રીજા ભાગ સુધી ખરીદેલ હોય તેમણે ચોથો, પાંચમો ભાગ અને ચોથા ભાગ સુધી ખરીદેલ હોય તેમણે પાંચમો ભાગ સત્વર મંગાવી લેવો. તે ભાગો પણ સિલિકે જૂજ છે.

(છઠ્ઠો ભાગ તૈયાર થાય છે, તૈયાર થયે જાહેર ખબર આપીશું. હમણાં કોઈએ તે માટે લખવું નહિ.)

**कर्मग्रंथ भाग १-२** (શ્રી દેવેન્દ્રસૂરિકૃત ટીકા) કે જે હાલ ધાર્મિક શાળાઓમાં અભ્યાસમાં પ્રચલિત છે. જેનો પ્રથમ ભાગ ખલાસ થઇ ગયેલ છે. બીજા ભાગની નકલો જૂજ છે. પહેલો ભાગ ખરીદેલ હોય તેમણે સત્વર બીજો ભાગ મંગાવી લેવો.

**प्राचीन चार कर्मग्रंथ**—એક પણ કોપી સિલિકે નથી.

(ઉપરોક્ત ગ્રંથોમાં હવે પછી કમીશન આપવામાં આવશે નહીં.) વ્યવસ્થાપક,

**'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા.'**

---

### 'શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા.'

**શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર** (ભાષાંતર)—પ્રથમ ભાગ સિલિકે નથી. પ્રથમ ભાગ ખરીદનારે બીજો ભાગ (સંપૂર્ણ) તુરત મંગાવી લેવો.

**સેક્રેટરીઓ.**

---

### 'શ્રી મહાવીર (પ્રભુ) ચરિત્ર.'

૫૨૦ પાના, સુંદર ગુજરાતી અક્ષરો, ઊંચા કાગળો, સુંદર ફોટાઓ અને સુશોભિત કપડાનાં મનરંજન બાઇન્ડીંગથી અલંકૃત કરેલ ગ્રંથ આ સભા તરફથી પ્રગટ થયેલ છે. આ ગ્રંથમાં પ્રભુના સત્તાવીશ ભવનું વિસ્તારપૂર્વક વર્ણન, ચોમાસાનાં સ્થળો સાથેનું લંબાણથી વિવેચન, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પૂર્વેના ત્રીશ વર્ષ પૂર્વેનું વિહારવર્ણન, સાડાબાર વર્ષ કરેલા તપનું વિસ્તારપૂર્વક વિવેચન, થયેલા ઉપસર્ગોનું ઘણું જ વિસ્તારપૂર્વક વિવેચન જેટલું આ ગ્રંથમાં આવેલું છે તેટલું કોઈના છપાવેલા બીજા ગ્રંથોમાં આવેલ નથી; કારણ કે કર્તા મહાપુરુષે કલ્પસૂત્ર, આગમો, ત્રિષષ્ઠિ વગેરે અનેક ગ્રંથોમાંથી દોહન કરી આ ચરિત્ર આટલું સુંદર રચનાપૂર્વક લંબાણથી લખ્યું છે. બીજા ગમે તેટલા લઘુ ગ્રંથો વાંચવાથી શ્રી મહાવીરજીવનનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ, જેથી આ ગ્રંથ મંગાવવા અમો ખાસ ભલામણ કરીએ છીએ. આવા સુંદર અને વિસ્તારપૂર્વક ગ્રંથની અનેક નકલો ખપી ગઇ છે. હવે જૂજ બુકો સિલિકે છે. આવા ઉત્તમ, વિસ્તારપૂર્વકના વર્ણન સાથેના ગ્રંથ મોટો ખર્ચ કરી ફરી ફરી છપાવાતા નથી; જેથી આ લાભ ખાસ લેવા જેવો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ અલગ.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Regd. No. B. 431

## શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત-

## શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા-સાહિત્યના ગ્રંથમાં 'વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્ત્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે, તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓના ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતા પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ અલગ.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

---

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ | ૪. શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ |
| ૨. શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | (સિલિકે નથી) | ૫. શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩-૦-૦ |
| ૩. સદર ભાગ ૨ જો. | રૂા. ૨-૮-૦ | ૬. શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨-૮-૦ |
| | | | રૂા. ૧૧-૮-૦ |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધા લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ અર્થ** સહિત ( રૂા. ૨-૦-૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવે છે. **એકલો શ્રીપાળ રાસ લેનારને રૂા. ૧-૮-૦ માં આપવામાં આવશે** ( પોસ્ટેજ અલગ ). **એક સાથે સો કોપી લેનારને રૂા. ૧-૪-૦ માં આપવામાં આવશે.**

---

## કર્મગ્રંથ ભાગ ૧-૨ સંપૂર્ણ.

**પ્રથમ ભાગ સિલિકે નથી; બીજા ભાગની ઘણી જ થોડી નકલો સિલિકે રહી છે.**

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨-૦-૦ ( સિલિકે નથી )**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪-૦-૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વતાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. ( ફક્ત બીજો ભાગ સિલિકે હોવાથી ) બીજા ભાગની કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

( શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું—ભાવનગર. )

For Private And Personal Use Only